બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારનું દર મહિને પ્રગટ થતું માસિક મુખપત્ર



# નવકારનો રણકાર



પ્રેરણા અને માર્ગદર્શન : નવકાર મંત્રના પરમ સાધક પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'
આદ્ય તંત્રી : સ્વ. મુંજાલ બાબુભાઈ શાહ
તંત્રી : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'
માનાર્હ સંપાદકો : સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા - મુલુન્ડ) ••• વાસંતી રમેશ સોની (વડાલા - ચિંચપોકલી)

વિ.સં. ૨૦૬૯ ••• અષાઢ ••• વર્ષ-૧૦ ••• અંક-૨ ••• સળંગ અંક-૧૧૦ ••• નિઃશૂલ્ક વિતરણ

## પૂજ્ય જયંતભાઈ 'રાહી'ના ૭૨મા જન્મ દિને અમ હૃદયોર્મિ





**શ્રી** અને સરસ્વતીનો સુભગ સંયોગ, મળ્યો આપને મહાપુણ્યશાળી;
**રાહી** તમે રાહબર બન્યા છો, સંગીતરત્ન બન્યા જગ માંહી.
**હીર** તમારું સૌએ નિહાળ્યું, મોહિત થયા નર-નારી;
**સાધના** કરી નવકાર તણી, સૌને નવકાર ભણી વાળી.
**હેત**-પ્રેમથી સૌને જીત્યા, તમ જન્મદિને વધાઈ અમારી;
**બહુલ** આયુષ્ય પામો તમે, યશ-કીર્તિ મળો જગ સારી.
**ને** જૈન સંગીતક્ષેત્રે પચાસ વર્ષની, તમ શાસન સેવા વખાણી;
**વંદના** તમને કોટિ-કોટિ, સંગીત વિશારદ, કથા વારિધિ.
**દયા**-દાન ને સાધર્મિક ભક્તિમાં, શક્તિ સારી બતાવી;
**નામ** તમારું સૌના હૈયે 'કલાધર', જગમાં 'રાહી-રાહી'!

–બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર







### આ અંકના પ્રમુખ શુભ દાતા

મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વર્તમાન અરિહંત પરમાત્મા શ્રી સીમંધરસ્વામીના મહિમાશીલ,
મહાપ્રભાવક જિનમંદિરના દર્શનાર્થે... પધારો... પધારો... પધારો...

**શ્રી ચૈત્ય સીમંધરસ્વામી જિનપ્રાસાદ**

ચૈત્ય ટાવર, શિવદાસ ચાંપશી રોડ, મઝગાંવ, મુંબઈ-૪૦૦ ૦૧૦. ફોનઃ ૨૩૭૧૨૨૨૧

• પુણ્યયોગે નિમિત્ત પ્રકારે સ્વદ્રવ્યથી જિનાલયના નિર્માણ કર્તા •

શ્રીમતી ઝવેરબેન દલપતરાજ પુખરાજજી જૈન સમસ્ત મલ્લેશા પરિવાર
(ખીવાન્દી-રાજસ્થાન-દાદર)

સૌજન્ય : ચૈત્ય ફાઉન્ડેશન-મઝગાંવ, મુંબઈ-૪૦૦ ૦૧૦.

સંપર્ક સૂત્ર : મહેન્દ્ર જૈન મો. ૯૮૨૦૫૮૫૪૫૧ ✧ ચંદ્રેશ જૈન મો. ૯૮૧૯૫૬૬૪૪૧



# 'રાહી' જ્યારે જામે છે ત્યારે ઉઠવાનું મન થતું નથી !

## સાહિત્યકલારત્ન આચાર્ય શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ

આજથી ચાલીસ વર્ષ પહેલાં **શ્રી જયંતભાઇ 'રાહી'** જૈન સંગીત ક્ષેત્રે ધીમી છતાં મક્કમ ગતિએ આગળ વધી રહ્યા હતા. તેમની સંગીતકલા લોકોને મંત્રમુગ્ધ કરી રહી હતી. તેમના કાવ્યોના હૃદયસ્પર્શી શબ્દો લોકોના હૃદયમાં કાયમી સ્થાન જમાવી રહ્યા હતા. તેઓ જૈન સંગીતક્ષેત્રનો પ્રથમ દાયકો પૂર્ણ કરી રહ્યા હતા ત્યારે શાસન પ્રભાવક, સાહિત્ય કલારત્ન એવા સમર્થ જૈનાચાર્ય **પૂ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. સાહેબ** પોતાની કલમ દ્વારા **શ્રી 'રાહી' સાહેબ**ને બિરદાવે તે ઘટના સમગ્ર જૈન સમાજમાં અત્યંત ગૌરવભરી ગણી શકાય. **શ્રી 'રાહી' સાહેબ** માટે લખાયેલ પૂજ્યશ્રીનું એ લખાણ અહીં અમે સુજ્ઞ વાચકો માટે અક્ષરસઃ પ્રગટ કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

**– તંત્રી**

ધર્મસ્નેહી ભાઇશ્રી 'રાહી'એ એવા કોઇ શુભ ચોઘડીયે જૈન સંગીત ક્ષેત્રે પ્રવેશ કર્યો છે કે તેઓ પ્રગતિના પંથે ઉત્તરોત્તર વિકાસ સાધતા રહ્યા છે. અને જૈનોના વિશાળ વર્ગમાં જાણીતા-માનીતા બન્યા છે. એમાં એમની સંગીત સાધના, કવિતા શક્તિ અને કંઠની હલક વગેરેનો ફાળો તો છે જ પણ એય કરતાંય તેઓનો **સદાનંદી સ્વભાવ, નમ્રતા, વિનય, વિવેક, ધર્મ પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા અને દુધમાં સાકરની જેમ ભળી જવાની વૃત્તિ** વિશેષ હશે એમ હું માનું છું.

એથી મારે જો એક જ વાક્યમાં ભાઇ 'રાહી' માટે કહેવું હોય તો નિઃસંદેહ કહી શકું કે **'ભાઇ 'રાહી' હોળીનો નહિ પણ દિવાળીનો જીવ ખરો!'** તેઓ મને મળ્યા છે ઘણીવાર, પણ બેઠાં છે અત્યંલ્પ...! સાંભળ્યા છે ખરાં પણ બે-ચાર વાર, એટલે એમના માટેના વિશેષ અભિપ્રાય માટે હું અનધિકૃત ગણાઉં, પણ ભક્તિસંગીત રસિક જનતાના અભિપ્રાયો ટાંકુ તો એમ કહી શકાય કે **તેઓ જ્યારે જામે છે ત્યારે ઉઠવાનું મન થતું નથી. શ્રોતાઓને સ્વર-કંઠ અને શબ્દોની ત્રિવેણીમાં તેઓ ડુબાડી દે છે. એક લોકપ્રિય સંગીતકાર માટે આથી વધુ પ્રમાણપત્રની જરૂર છે ખરી?**

**'રાહી' એક સારા કવિ છે,** તેમના કાવ્યો સુંદર અને ભાવવાહી છે. અને **શુષ્ક હૈયાને તૃપ્ત** અને **સુષુપ્ત હૈયાને જાગૃત** કરે તેવા **દિલબર** છે. તેઓએ અનેક ઉત્સવ મહોત્સવોમાં **ભક્તિરંગ** દ્વારા જનતાને મુગ્ધ કરી છે. જનતાએ પણ તેમનું **સુવર્ણચંદ્રકો, જૈન સંગીતરત્ન, કથાવારિધિ** આદિ વિવિધ રીતે શ્રેષ્ઠ બહુમાન કરીને તેમના અદ્‌ભૂત ભક્તિ સંગીતને બિરદાવ્યું છે.

અનેક મહિલા મંડળો, યુવક સંગીત મંડળો આદિને માર્ગદર્શન, પ્રેરણા અને નિઃસ્વાર્થ સંગીત તાલીમ આપી છે. આમ ભાઇ 'રાહી'એ ટૂંક સમયમાં સુંદર પ્રગતિ સાધી લોકચાહના મેળવી તે જૈન સમાજ માટે **આનંદ** અને **ગૌરવ** લેવા જેવી બાબત છે.

卐 'નવકારનો રણકાર' ના સંપર્ક કાર્યાલયો 卐

**શ્રી ચીમનલાલ કલાધર**
301, શ્વેશ હાઉસ, ત્રીજે માળે, 75, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
દાદર (પૂર્વ), મુંબઇ-400014. મોબાઇલ : 9819646533

**શ્રી સોમચંદ વેલજી લોડાયા** (MA OM)
એ/104, સાંઇ કલાસીક, મહાત્મા ફુલે રોડ, મુલુન્ડ (પૂર્વ), મુંબઇ-81.
ફોન : (022) 2163 6399, મોબાઇલ : 9322275440
Email ID : somchand@maom.net

શુભેચ્છક

**શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ**
**અને શ્રી ચેમ્બુર જૈન સંઘ - ચેમ્બુર તીર્થ**






# પૂજ્ય 'રાહી' સાહેબના પ્રેરક જીવન-કવનને પુસ્તકરૂપે પ્રગટ કરવાની આવશ્યકતા

જૈન સંગીતરત્ન, નવકારના પરમ ઉપાસક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**એ પોતાના **જૈન સંગીત ક્ષેત્રના યશસ્વી પચાસ વર્ષ** પૂર્ણ કર્યા છે. સાથે સાથે આ **અષાઢી પૂર્ણિમાએ - ગુરુ પૂર્ણિમા**એ તેઓ **પોતાની જીવનયાત્રાના ૭૧ વર્ષ પૂર્ણ કરી ૭૨મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.** ત્યારે તેમના વિષે યત્કિંચિત લખવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે.

**શ્રી જયંતભાઇ 'રાહી'** ખૂબ જ સંઘર્ષ કરીને આગળ આવ્યા છે. તેમના જીવનની અનેક પ્રેરક વાતો અમારે લોકો સમક્ષ મૂકવી છે. અને એ માટે અમે **પૂ. 'રાહી' સાહેબ**ને વિનંતી કરી છે કે આપના પ્રેરક જીવન પ્રસંગોની ટૂંકી નોંધ અમને આપો અને એ પરથી અમે લોકભોગ્ય શૈલીમાં એ પ્રસંગોનું આલેખન કરી તેનું પુસ્તક રૂપે પ્રકાશન કરીએ. પરંતુ આ વિશે **પૂ. 'રાહી' સાહેબ**ની મંજૂરી હજુ સુધી અમને મળી નથી.

**પૂ. 'રાહી' સાહેબ** સરળ અને નિઃસ્પૃહી પુણ્યાત્મા છે. તેમણે આજ સુધીમાં **૬૦થી અધિક ભક્તિ ગીતોના પુસ્તકો** પ્રગટ કર્યા છે. તેમની પાસે અમે આ બધા પુસ્તકોની માંગણી કરી છે. પરંતુ તેઓએ તેમની પાસે તેમના એક પણ પુસ્તક રાખ્યા નથી. તેથી તેઓના આ ઉત્તમ કાવ્ય ગ્રંથો અમને મળી શક્યા નથી. તેમની કાવ્ય રચના પર અમારે વિશદ લખવું છે પરંતુ તેની સામગ્રી અમને ઉપલબ્ધ નથી. તેમ છતાં **પૂ. મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મ. સાહેબ** પાસેથી **પૂ. 'રાહી' સાહેબ**ના ત્રણ પુસ્તકો અમને મળ્યા છે. અને તે પરથી આ અંકમાં તેમના વિષે અમે થોડી સામગ્રી આપી શક્યા છીએ પરંતુ તેનાથી અમને જરાપણ સંતોષ નથી.

**પૂ. 'રાહી' સાહેબ**ના અલગારી સ્વભાવના કારણે તેમના યશસ્વી કાર્યોને લીધે તેમને મળેલા પ્રશસ્તીપત્રો, પ્રખર જૈનાચાર્યોના અને વિદ્વાન લેખકોના તેમના વિષેના લખાણો, તેમના અનેક સન્માન કાર્યક્રમના, પ્રતિષ્ઠા અને અંજનશલાકા મહોત્સવના ફોટોગ્રાફસ વગેરે સામગ્રી તેમણે સાચવી નથી. આ બધી સામગ્રી ઉપલબ્ધ હોત તો **પૂ. 'રાહી' સાહેબ**ના જીવન કવન ઉપર અમે જોરદાર પ્રકાશ પાડવા સમર્થ બની શક્યા હોત.

**પૂ. 'રાહી' સાહેબ** આજથી ત્રીસ વર્ષ પહેલાં સુપ્રસિદ્ધ જૈન સામયિક **'લબ્ધિકૃપા'**ના **તંત્રી** હતા. સતત દસ વર્ષ સુધી માનદ્ તંત્રી તરીકે આ જૈન સામયિક દ્વારા તેમણે જૈન શાસનના ઉત્કર્ષ અને અભ્યુદય અર્થે કલમ ચલાવી છે. તેમના તંત્રીપદ હેઠળ પ્રગટ થયેલા **'લબ્ધિકૃપા'**ના જુના અંકો પ્રાપ્ત કરવા અમે અનેક જગ્યાએ ફરી વળ્યા પણ તેમાં અમને સફળતા મળી નથી.

**અમારી એક જ મહેચ્છા છે કે પૂ. 'રાહી' સાહેબનું જીવન-કવનનું સુંદર આલેખન કરી તેને પુસ્તકરૂપે લોકો સમક્ષ મૂકવું. સુજ્ઞ વાચકોને ખાસ વિનંતી છે કે પૂ. 'રાહી' સાહેબ વિષે આપની પાસે કોઇ માહિતી હોય, પુસ્તકો કે ફોટોગ્રાફસ હોય તેમજ તેમના પ્રેરણામય જીવન વિષે આપને કંઇ કહેવાનું હોય તો અમારો મોબાઇલ નંબર ૯૮૧૯૬૪૬૫૩૩ પર શીઘ્ર સંપર્ક કરશોજી.** આપ સૌના ઉષ્માભર્યા સહયોગથી **પૂ. 'રાહી' સાહેબ**ના જીવન-કવન વિષે એક સરસ પુસ્તક તૈયાર કરવાની અપેક્ષા રાખી રહ્યો છું.

છેલ્લે **પૂ. 'રાહી' સાહેબ**ની જ ભાવવાહી કાવ્ય પંક્તિઓથી આ લખાણને અહીં સમાપ્ત કરું છું.

**'એક દિન અગર જો તારો દિદાર થઇ જશે,**
**તો જીવન વીણાના તાર એકતાર થઇ જશે;**
**મળીશ એમ જો દિલને એતબાર થઇ જશે,**
**તો ભટકતા 'રાહી'નો બેડો પાર થઇ જશે!'**

**- ચીમનલાલ કલાધર**

## 'નવકારનો રણકાર' અંગે
## શ્રી જયંતભાઇ રાહીનો સંપર્ક

**'નવકારનો રણકાર'** અંગેની કોઇપણ વિગતો માટે, અનુદાન માટે, સમાચારો, પ્રસંગો કે લેખ સામગ્રી આપશ્રી **શ્રી જયંતભાઇ 'રાહી'**ને પણ પાઠવી શકો છો. તેમનો સંપર્ક નીચેના સરનામે કરી શકાશે.

**શ્રી જયંતભાઇ 'રાહી'**
**શ્રીપાલ, ફલેટ નં. ૪, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા, એસ.ટી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.** ફોન : ૨૫૨૨૬૯૫૮, ૨૫૨૮૬૭૧૬


**શ્રી ધણીબાવાના ભાવિકો વતી પૂ. માતુશ્રી રતનબાઇ લાલજી લધા સોની પરિવાર**
શુભેચ્છક
(કચ્છ વડાલા-ચિંચપોકલી) હ. રમેશભાઇ સોની - ફોન : ૨૩૭૫૩૩૧૧.
શ્રીમતી સવિતાબેન રમણીકલાલ મોરારજી સાવલા પરિવાર (કચ્છ તુંબડી-ઘાટકોપર) હ. મુકેશભાઇ - ફોન : ૨૩૭૨૩૮૩૫.




# શ્રી નવકાર માહાત્મ્ય

## પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

નવકારથી વાતાદિ ત્રણે દોષ કેમ ટળે? શ્રી નવકાર એ પરમેષ્ઠી સ્તુતિરૂપ હોવાથી દર્શનરૂપ, મહાશ્રુતસ્કંધરૂપ હોવાથી જ્ઞાનરૂપ અને પંચાંગ પ્રણિપાતરૂપ તથા સામાયિક સૂત્રના પ્રારંભમાં હોવાથી ચારિત્રરૂપ પણ છે.

જ્ઞાનગુણમાં મનોયોગની પ્રધાનતા છે અને 'યત્ર મન સ્તત્ર મરુત્' એ ન્યાયે જ્યાં મન જાય ત્યાં 'વાત'ને જવું જ પડે છે એટલે શરીરમાં જે વાયુનો પ્રકોપ કે દોષ સંગૃહીત હોય છે તે શિથિલ-ઢીલો થવા માંડે છે.

દર્શનગુણમાં વચનયોગ-ઈષ્ટની સ્તુતિ-ભક્તિ વગેરેની મુખ્યતા છે. વળી આ ભક્તિભાવ મધુર-સ્નેહના પરિણામરૂપ હોવાથી પિત્તનો દોષ-પ્રકોપ તેનાથી શમવા માંડે છે. ચારિત્રગુણમાં કાયયોગની પ્રધાનતા હોવાથી શારીરિક હિલચાલ પ્રવૃત્તિ ઉષ્ણતાદિ વધી જાય છે આથી શરીરમાં જે કફ જામી ગયો હોય છે તે પીગળવા માંડે છે, છૂટો પડે છે અને તેથી કફનો દોષ શમી જાય છે. આથી કહી શકાય કે નવકારરૂપ જ્ઞાનાદિ ત્રણમાં મન વગેરે ત્રણ યોગની ક્રિયાથી વાતાદિ ત્રણે દોષો જીતાય છે અને ધર્મધ્યાનને અનુકૂળ વાતાવરણ સર્જાય છે.

નવકારમાં સૂર્યની શક્તિ કેવી રીતે? શ્રી નવકારના પ્રથમ પદમાં સાતવર્ણો-અક્ષરો છે અને સૂર્યના કિરણમાં પણ સાત વર્ણો-રંગો રહેલા છે. છતાં તે બધા મળીને શ્વેત વર્ણ થાય છે. તેમ પ્રથમ પદનું ધ્યાન પણ શ્વેત વર્ણે જ કરવાનું વિધાન છે. સૂર્યના કિરણોમાં જેમ પ્રકાશ-ઉષ્ણતા અને શ્વેતતા છે તેમ નવકારમાં શ્રુતજ્ઞાનનો પ્રકાશ, કર્મદાહક ઉષ્ણતા અને ચૂલિકા તથા પ્રથમપદમાં શ્વેતવર્ણનું ધ્યાન કરવાનું વિધાન છે. તેથી યાવત્ શુક્લધ્યાન કે શુક્લલેશ્યાની પ્રાપ્તિ થાય છે. સૂર્યના રથ કે વિમાનને પણ સાત ઘોડા જોડ્યા છે તેથી તેને સપ્તાશ્વ: સપ્તર્ષિ: કહ્યો છે. નવકારના પ્રથમ પદમાં સમગ્ર નવકારની પણ ઘટના થઇ શકે છે. એ પ્રથમ પદમાં સાત જ વર્ણો છે તેથી નવકારને અપેક્ષાએ સપ્તવર્ણાત્મક પણ કહી શકાય. સમગ્ર નવકારમાં પણ સાત જ ગુરુ અક્ષરો છે. સૂર્યના કિરણમાં સાત વર્ણો છે. પ્રથમ પદમાં પણ સાત જ વર્ણો છે. ગ્રહો તથા વાર પણ સાત જ છે. સૂર્યની ગતિ જેમ મનુષ્યલોકમાં છે તેમ પંચમ ગતિરૂપ મુક્તિમાં ગતિ પણ ત્યાંથી જ થઇ શકે છે.

**નવકારના વર્ણોમાં સૂર્યના કિરણો :** સૂર્યના કિરણોમાં જેમ સાત વર્ણો છે તેમ સંગીતમાં સૂર પણ સાત જ છે અને તેના યથોચિત મિલનથી સર્વ પ્રકારનાં રાગ-રાગણી ઉત્પન્ન થાય છે. તેથી જેવો રાગ ગવાય તેવો બાહ્ય ભૌતિક જગતમાં અને આંતરિક ભાવાત્મક જગતમાં પણ તુરત જ ફેરફાર થાય છે. આ જ ન્યાયે નવકારના પ્રથમ પદમાં રહેલ સાત વર્ણોમાંથી સર્વ પ્રકારના મંત્રો-યંત્રો અને શાસ્ત્રોની ઉત્પત્તિ થાય છે. આત્માની અનંત શક્તિને પ્રગટ કરવાની શ્રીનવકારની અમાપ શક્તિમાં અપૂર્વ નિષ્ઠા કેળવવાની ભાવના, ભાગ્યશાળીઓના હૃદયમાં જાગો! શ્રી નવકાર એ આંતિરક ધન છે, તેથી ધનના રસની જેમ તેમાં પણ સર્વ રસો સમાયેલા છે.

**ધનમાં રહેતા સર્વ લૌકિક રસો :** ધનવાનને ધન ઉપર પ્રેમ છે, તે શૃંગાર રસ છે. નિર્ધનની અનાવડત પર હાસ્ય છે, તે હાસ્યરસ છે, નિર્ધનની દુર્દશા પ્રતિ કરુણા છે, તે કરુણરસ છે, પોતાના ધનનું અપહરણ કરનાર ઉપર ક્રોધ છે, તે રૌદ્રરસ છે. નવું નવું ધન કમાવવાનો ઉત્સાહ છે, તે વીરરસ છે. ધન ન ચાલ્યું જાય તે માટેનો સદા ભય છે, તે ભયાનક રસ છે. ધનરહિત અવસ્થા પર ઘૃણા છે, તે બીભત્સ રસ છે. ધનની પ્રાપ્તિની અપૂર્વતાનો વિસ્મય છે, તે અદ્‌ભુત રસ છે. ધનથી થનારી તૃપ્તિનો સંતોષ છે, તે શાંતરસ છે. પોતાના સંબંધી ધનવાન બને તેવી અભિલાષા છે, તે વાત્સલ્ય રસ છે. આ બધા લૌકિક રસો છે, પરિણામે દુર્ગતિદાયક હોવાથી નિરસ છે.

**નવકારમાં સર્વ લોકોત્તર રસો :** અંતરાત્માને પરમાત્મા પર પ્રેમ જાગે છે, તે લોકોત્તર શૃંગારરસ છે. બહિરાત્મ ભાવ પર હાસ્ય હોય છે, તે લોકોત્તર હાસ્યરસ છે. તેઓની દીનહીન અવસ્થા પ્રતિ કરુણા છે. તે લોકોત્તર કરુણારસ છે. ધર્મમાં વિઘ્ન કરનારા હેતુઓ પ્રતિ રોષ રહે છે, તે લોકોત્તર રૌદ્રરસ છે. ધર્મમાં વિઘ્નોનો વિજય કરવાનો ઉત્સાહ છે, તે લોકોત્તર વીરરસ છે. ધર્મ-પ્રાપ્તિની અવસ્થા ચાલી ન જાય તે માટે જે ભય રહે છે, તે લોકોત્તર ભયાનક રસ છે. ધર્મભાવશૂન્ય અવસ્થા પ્રત્યે આંતરિક ઘૃણા છે, તે લોકોત્તર બીભત્સ રસ છે. ધર્મની અપૂર્વ પ્રાપ્તિનો વિસ્મય છે, તે લોકોત્તર અદ્‌ભુત રસ છે. ધર્મની પ્રાપ્તિથી નિરંતર તૃપ્તિ છે, તે લોકોત્તર શાંત રસ છે. એ તૃપ્તિ સર્વને મળો એવી ચાહના છે, તે લોકોત્તર વાત્સલ્ય રસ છે. નવકારની પ્રાપ્તિ વખતે આ બધા રસો હોય છે અને તે તે અલૌકિક હોવાથી જીવને અવ્યાબાધ સુખનાં કારણ થાય છે.

□□□

**પૂજ્યશ્રી જયંતભાઇ 'રાહી'ના સૂર અને શબ્દના સથવારે**

**અષાઢ મહિનાના નવકાર મંત્ર જાપ અનુષ્ઠાન**

**ચેમ્બુર તીર્થ મધ્યે**

અષાઢ સુદ-૧ને મંગળવાર, તા. ૯-૭-૨૦૧૩

**ઘાટકોપર મધ્યે**

અષાઢ સુદ-૬ને રવિવાર, તા. ૧૪-૭-૨૦૧૩

**મુલુન્ડ મધ્યે**

અષાઢ સુદ-૧૫ને સોમવાર, તા. ૨૨-૭-૨૦૧૩

**શ્રી નમિનાથ જિનાલય-પાયધુની મધ્યે**

અષાઢ વદ-૧૩ને રવિવાર, તા. ૪-૮-૨૦૧૩



# આપણા સાધર્મિકોની હૃદયસ્પર્શી સત્ય ઘટનાઓ

## પૂ. આચાર્યદેવ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

**શ્રી જયંતભાઇ 'રાહી'**નું પ્રિય કાર્ય છે **સાધર્મિક ભક્તિ.** તેઓ છેલ્લા દોઢ દાયકાથી **સાધર્મિક ઉત્કર્ષ અભિયાન** દ્વારા પોતાના સ્વદ્રવ્યથી અને દાતાઓના સહયોગથી સાધર્મિક ભક્તિનું સુંદર કાર્ય કરી રહ્યા છે. તેમના મનગમતા આ સમ્યક્ કાર્યની અનુમોદના રૂપે **'પુણ્યની પરબ, સાધર્મિકની સંગત'** નામના પુસ્તકમાં **પૂ. આચાર્યદેવશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ. સાહેબે** આલેખેલ સાધર્મિકોની પ્રેરક સત્ય ઘટનાઓનો આ લેખ અત્રે પ્રસ્તુત કરતા અત્યંત આનંદ થાય છે. આ લેખ માટે અમે પૂ. આચાર્યદેવશ્રીના ખૂબ ખૂબ ઋણી છીએ **-તંત્રી**

રસ્તા પર રખડતા ગરીબો આપણને જે સહજતાથી જોવા મળી જાય છે, રસ્તા પરથી પસાર થતી વખતે રસ્તાની બન્ને બાજુ રહેલ ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબોનાં દર્શન જે સહજતાથી આપણને થઇ જાય છે, એ જ સહજતાથી આર્થિક સંકડામણના કારણે અનેક પ્રકારની મુશ્કેલીઓ, તકલીફો કે અગવડો વેઠતા ગરીબ સાધર્મિકો આપણને જોવા મળતા નથી. એમને જોવા માટે આપણે બહાર નીકળવું પડે છે, એમની તપાસ કરવા આપણે શોધ ચલાવવી પડે છે, એમની જાણકારી મેળવવા આપણે સઘન પ્રયાસો આદરવા પડે છે.

**સાચેજ આ બાબતમાં જો તમે ગંભીર હો તો એકવાર નીકળી પડજો કો'ક એવા વિસ્તારમાં કે જે વિસ્તારમાં સુખી માણસોની ખાસ અવરજવર ન રહેતી હોય. કો'ક એવી ગલીમાં કે જ્યાં સારા માણસોની અવરજવર તમને ખાસ જોવા ન મળતી હોય. શક્ય છે કે કો'ક એવા સાધર્મિકનું સરનામું તમને મળી જાય કે જ્યાં પહોંચ્યા બાદ એ પરિવારની જીવનશૈલી જોતાં તમને તમારી વૈભવી જીવનશૈલીને તિલાંજલિ આપી દેવાનું મન થઇ જાય. કારમી ગરીબી વચ્ચેય ટકી રહેલ એમની ચિત્તની સ્વસ્થતા જોતાં તમને તમારા જીવનમાં રહેલ કેટલીક ચીજોની અલ્પતા બદલ, અપૂર્ણતા કે અભાવ બદલ ફરિયાદ કરવાનું મન જ ન થાય.**

કલ્પના ય નહોતી કે અમદાવાદ સંભવનાથ ફાઉન્ડેશનના કાર્યાલય પર અમદાવાદના જ એક દૂરના વિસ્તારમાંથી એક ભાઇએ લખેલ પત્ર આવ્યો. પત્રમાં એ સાધર્મિકે પોતાની ઘરની આજુબાજુ ફેલાયેલા વાતાવરણની જે વાત લખી હતી એ વાત પર જલદી વિશ્વાસ મૂકવાનું મન ફાઉન્ડેશનના એ કાર્યકરને થતું તો નહોતું, પણ પત્રના છેડે તા.ક.માં એ ભાઇએ ખાસ લખ્યું હતું કે -'એકવાર તમે ઉપર જણાવેલા સરનામે ખાસ પધારજો જ. તમને પ્રતીતિ થઇ જશે કે મે પત્રમાં મારા ઘરની પરિસ્થિતિની જે વિગત લખી છે એમાં એક અક્ષર પણ ખોટો નથી.'

એ યુવાન કાર્યકર બીજે જ દિવસે એ પત્રમાં જણાવેલ સરનામે પહોંચી તો ગયો, પણ ત્યાં જઇ આવ્યા પછી એણે મારી પાસે જે વાત કરી એ સાંભળતાં હું પોતે હચમચી ઊઠ્યો. એણે જે વાત કરી એ એના જ શબ્દોમાં.

'મહારાજ સાહેબ! એ ભાઇએ જણાવેલ સરનામાવાળા વિસ્તારમાં હું મારા બીજા એક યુવાન મિત્ર સાથે પહોંચ્યો તો ખરો, પણ એ વિસ્તારમાં દાખલ થતાં જ ચારે ય બાજુથી માછલાંની વાસ આવવા લાગી. પળભર તો અમને બન્નેને થઇ ગયું કે અહીંથી જ પાછા વળી જઇએ, પણ પછી વિચાર એ આવ્યો કે આવી જ ગયા છીએ જ્યારે આપણે અહીં સુધી ત્યારે હવે પાછા જવાનો કોઇ જ અર્થ નથી.

નાક આડે રૂમાલ રાખીને અમે લગભગ એકાદ કિલોમીટર ચાલ્યા અને એ ભાઇનું ઘર આવ્યું, ઘર તો શું, ઝૂંપડું જ હતું. અમે બન્ને અંદર દાખલ થયા. જમીન પર નીચે બેઠા તો ખરા, પણ એ ઝૂંપડાની ચારેય બાજુ સૂકવવા મૂકેલાં માછલાંની વાસ એટલી બધી ભયંકર આવતી હતી કે જેનું કોઇ વર્ણન ન થાય.

'તમે અહીયાં રહો છો?' મેં એ ભાઇને પૂછ્યું.

'હા'

'કેટલા વખતથી?'

'પંદર વરસથી.'

'પંદર વરસથી અહીયાં રહો છો?'

'હા'

'આ વાતાવરણ વચ્ચે?'

'હા'

'પરિવારમાં?'

'છ જણાં.'

'દીકરા?'

'બે'

'દીકરી?'

'બે'

'આર્થિક સ્થિતિ?'

'હું અને બન્ને દીકરા મજૂરી કરીએ છીએ. મહિને પાંચેક હજાર રૂપિયા તો લાવીએ છીએ, પણ બન્ને દીકરી જુવાનજોધ છે. મનમાં સતત એમનાં શીલનો ડર રહ્યા કરે છે. આજુબાજુમાં જે માણસો રહે છે એમાંના એક પણ માણસ પર વિશ્વાસ રાખી શકાય તેમ નથી. રાતના ક્યારેક હું

જાગતો રહું છું, તો ક્યારેક મારો દીકરો જાગતો રહે છે.

તમે જો કાંઇ સહાય કરી શકતા હો તો અમને આ દોજખ જેવા વિસ્તારમાંથી વહેલી તકે બહાર કાઢી લો. અમારે જમવામાં મિષ્ટાન્ન નથી જોઇતું. મારા દીકરા-દીકરીઓને પહેરવા માટે કીમતી વસ્ત્રો નથી જોઇતાં, પણ અમારે અહીંથી નીકળવું છે. મારી ખાતર નહીં તો છેવટે મારી આ બન્ને માસૂમ દીકરીઓનાં શીલની રક્ષા ખાતર પણ...

'મહારાજ સાહેબ, આટલું બોલતાં બોલતાં એ સાધર્મિકની આંખમાં આંસુ આવી ગયાં. એની આ વાત સાંભળીને અમે ખળભળી ઊઠ્યા. એ વખતે જ અમે એમને કહી દીધું કે થોડાક જ દિવસોમાં અમે તમને સારા વિસ્તારમાં રહેવાની ગોઠવણ કરી આપીએ છીએ.

શું કહીએ મહારાજ સાહેબ! આપને?

આટલી ગરીબી વચ્ચે પણ એ ભાઇ રોજ બે કિલોમીટર ચાલીને દેરાસર દર્શન કરવા જાય છે અને એમની બન્ને દીકરીઓ ઝૂંપડામાં રહીને પણ પ્રતિક્રમણનાં સૂત્રો ગોખે છે! આવા ઉત્તમ કોટિના સાધર્મિકોના પરિવારને હવે તો એ વિસ્તારમાં રહેવા જ શે દેવાય? હું ટૂંક સમયમાં જ એ પરિવારનું સ્થળાંતર કરીને આપને જણાવું છું.'

અને

આશ્ચર્ય તો એ થયું કે એ યુવકની સાથે ગયેલા એના મિત્રે જ આ પરિવારના સ્થળાંતર માટેની પૂરી રકમ આપી દેવાની તૈયારી દાખવી. અને માત્ર વીસેક દિવસના ગાળામાં જ સંસ્કારી પરિવારો વચ્ચે રહેલા ઘરમાં એ સાધર્મિકનો પરિવાર જ્યારે રહેવા આવ્યો ત્યારે એ પરિવારના પ્રત્યેક સભ્યની આંખમાં હર્ષનાં આંસુ વહી રહ્યાં હતાં. એ પરિવારના સ્થળાંતરમાં નિમિત્ત બનેલા બન્ને યુવકોની આંખમાંથી પણ હર્ષનાં આંસુ વહી રહ્યાં હતા, તો એ સમાચાર જ્યારે મને સાંભળવા મળ્યા ત્યારે મારી આંખમાંથી પણ હર્ષનાં આંસુ વહી ગયાં.

### એમને બચાવી લો

અમદાવાદની એક સોસાયટીમાં અમારી થોડા દિવસો માટે સ્થિરતા હતી. પ્રવચન પૂર્ણ કરીને હું મારા આસને બેઠો હતો અને એ સમયે એક શ્રાવિકા પોતાની સાથે એક શ્રાવકને લઇને વંદન કરવા આવ્યાં. વંદન કરી લીધા બાદ એ શ્રાવકને એમણે બહાર ઊભા રહેવાની સૂચના કરી. એ શ્રાવક બહાર ગયા પછી એ શ્રાવિકાએ મને વિનંતી કરી.

'સાહેબ, એમને બચાવી લો.'

'કેમ શું થયું છે?'

'આપઘાત કરવા એ તૈયાર થઇ ગયા છે.'

'આપઘાત કરવા?'

'હા'

'પણ કાંઇ કારણ?'

'રૂપિયા સિત્તેર હજાર જેટલું દેવું થઇ ગયું છે.'

'ચૂકવી શકે તેમ નથી.'

'ના'

'તમારે એ ભાઇ સાથે સંબંધ?'

'મારા ઘરની બિલકુલ સામે જ એમનું ઘર છે. છેલ્લા છ મહિનાથી એમના ઘરમાં રાંધેલી રસોઇ નથી થઇ એની હું સાક્ષી છું. એક દીકરો નોકરી કરતો હતો, પણ એને પેરેલિસિસનો હુમલો થયો હોવાથી એની આવક સંપૂર્ણપણે બંધ થઇ ગઇ છે. એમની પોતાની લાખેક રૂપિયાની ઉઘરાણી બાકી છે એ આવે તેમ નથી. આ સ્થિતિમાં એ હતાશ થઇ ગયા છે. બે દિવસ પહેલાં તો જીવન સમાપ્ત કરવા ઘરેથી નીકળી પણ ગયા હતા, પણ નસીબજોગે સંયોગે દાદ ન આપી અને એ પાછા આવ્યા.

આ તો એમનાં ધર્મપત્નીને સતત રડતા જોયાં અને મેં એમને જ્યારે પૂછ્યું ત્યારે વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. મેં આ ભાઇને આપની પાસે આવવા કહ્યું ત્યારે એમણે મને જવાબ આપ્યો કે 'મહારાજ સાહેબ પાસે આવી વાત કરવા શી રીતે જવાય?'

ખૂબ સમજાવટ પછી એ આપની પાસે આવવા તૈયાર થયા છે. જીવન એમનું ધર્મસાધનાથી મઘમઘતું છે. નિત્ય પ્રભુપૂજા, ચોવિહાર, નવકારશી વગેરે એમના જીવનમાં સહજ છે. અધૂરામાં પૂરું એમને ખુદને હમણાં ડાબે હાથે લકવાની અસર થઇ છે.

હું એમને આપની પાસે મોકલું છું. આપ એમને સાંભળી પણ લો અને આપ એમને બચાવી પણ લો. હા, એક વાત મારી કરી દઉં. અમારી આર્થિક પરિસ્થિતિ એટલી સદ્ધર નથી કે અમે એમને આ તકલીફમાંથી બહાર લાવી દઇએ, પણ મારી પાસે સોનાની ચાર બંગડી છે એ હું આપી દેવા તૈયાર છું. એ બંગડીની જે રકમ આવે તે અને બાકીની રકમ માટે આપ કો'કને પ્રેરણા કરો, પણ આ ધર્મીપરિવારને કોઇપણ હિસાબે બચાવી લેવા જેવો તો છે જ....' આટલું બોલતાં બોલતાં એ શ્રાવિકાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

સાધર્મિક પ્રત્યેના એ શ્રાવિકાના આ સદ્‌ભાવને નિહાળીને હું સ્તબ્ધ થઇ ગયો. પડોશમાં રહેતા સાધર્મિકને બચાવી લેવા પોતાની સોનાની ચાર બંગડી આપી દેવાની તત્પરતા દાખવવી એ કાંઇ ખાવાના ખેલ નથી પણ એ શ્રાવિકા આ તત્પરતા દાખવી શક્યાં હતાં કારણ કે પૂજ્યપાદ આચાર્ય ભગવંત લક્ષ્મીસૂરિ મહારાજના **'જેના હૃદયમાં સાધર્મિક પ્રત્યે સ્નેહ નથી એના સમ્યગ્ દર્શનમાં શંકા છે'** આ વચનને એમણે ગંભીરતાથી મન પર લીધું હતું. **'તમામ ધર્મોને ત્રાજવાના એક પલ્લામાં મૂકો અને બીજા પલ્લામાં સાધર્મિક ભક્તિ મૂકો. બન્ને પલ્લાં સરખાં જ રહેશે'**-આ વચન એમણે પોતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કરી દીધું હતું અને એટલે જ પોતાનાથી શક્ય તમામ ભોગ આપવાની એમણે તત્પરતા દાખવી હતી.

ખેર, આટલી વાત કહીને એ બહેન તો બહાર ચાલ્યાં ગયાં અને બહાર ઊભેલા પેલા સાધર્મિકને અંદર બોલાવ્યા. એમની વાત સાંભળીને હું હલી ગયો. દેવું બહુ મોટું નહોતું, પણ આજ સુધીમાં કોઇનો એક પૈસો ય એમણે રાખ્યો નહોતો એટલે એ ભારે ચિંતિત અને વ્યથિત હતા. અને એના જ કારણે જીવન ટૂંકાવી દેવા એ તૈયાર થઇ ગયા હતા.

એમને પ્રેમથી સમજાવ્યા. 'પરિસ્થિતિ ગમે તેવી વિકટ આવે પણ આપઘાતના રસ્તે તો ન જ જવું' ની વાત એમના મગજમાં બરાબર બેસી ગઇ. એમણે એ અંગેનો નિયમ પણ લઇ લીધો અને ઉદારદિલ શ્રાવકોને પ્રેરણા કરતાં એમની તમામ મૂંઝવણ એ શ્રાવકોએ દૂર કરી દીધી અને એ સાધર્મિક સ્વસ્થ ચિત્તે પૂર્વવત્ ધર્મસાધનામાં લાગી ગયા.

પ્રશ્ન એ છે કે આવા સાધર્મિકને શોધવા તમે આજસુધીમાં કેટલા પ્રયત્નો કર્યા? અરે, વગર પ્રયત્ને આવો કો'ક સાધર્મિક સીધો જ તમારી પાસે આવી ગયો તો તમે એની કેટલી ભક્તિ કરી?

**મારા આ પ્રશ્નનો ભલે તમે જવાબ ન આપો, પણ હકીકત એ છે કે લગભગ તમને કોઇ સાધર્મિક સાચો લાગતો જ નથી. જો એ સારાં કપડાં પહેરીને તમારે ત્યાં આવે છે તો તમને એમ લાગે છે કે- 'આ તો સુખી છે, એને વળી રકમ શેં અપાય?' અને એ જો લઘરવઘર કપડામાં આવે છે તો તમને એમ લાગે છે કે-'આ તો જુઠ્ઠો છે, બોગસ છે, એની તો ભક્તિ કરાય જ શી રીતે?'**

અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે શ્રીમંત અને ઉદારદિલે શ્રાવકોએ સાધર્મિક ભક્તિના આ કર્તવ્યને અમલી બનાવવાના ક્ષેત્રે ભારે ઉપેક્ષા દાખવવા માંડી છે. આર્થિક મુશ્કેલીના કારણે પોતાની અને પોતાના પરિવારની સમાધિ પણ ન ટકાવી શકતા હજારો સાધર્મિકોનાં કુટુંબો આજે વિદ્યમાન હોવા છતાં, નથી તો એમની સામે ચડીને કોઇ તપાસ થતી કે નથી તો એ સામે ચડીને તમારી પાસે આવી જાય છે તો એમની વાતમાં તમને શ્રદ્ધા બેસતી.

## આ ગજબનાક ખુમારી!

અમે એ દિવસોમાં બોરડી ગામમાં ચાતુર્માસ હતા. મુંબઇનો એક શ્રદ્ધાસંપન્ન અને આચારસંપન્ન યુવાન સાધર્મિક વંદન કરવા એક દિવસ આવી ચડ્યો. એની નબળી આર્થિક સ્થિતિની મને બરાબર ખબર હતી. ભારે તકલીફો વચ્ચે એનું જીવન પસાર થઇ રહ્યું હતું એ મારા ખ્યાલમાં હતું.

'ધર્મારાધના કેવી ચાલે છે?'

'ઠીક ઠીક.'

'એટલે?'

'નોકરી છે. ઘરેથી વહેલા નીકળી જવું પડે છે. આવતાં ખૂબ મોડું થઇ જાય છે. વ્યાખ્યાન સંભળાતું નથી, સામાયિક થતી નથી, પ્રભુપૂજા કરી શકતો નથી. સમય મળે તો ક્યારેક પ્રભુદર્શન થઇ જાય છે. નહિતર તો એય રહી જાય છે.'

'સમાધિ કેવી?'

'સરસ'

'શી રીતે?'

'રૂપિયા ૯૫૦ નો પગાર છે. પત્ની ખૂબ સમજુ અને સંસ્કારી મળી છે. સવારના અમે દૂધ પીતા નથી, બપોરના શાક ખાતાં નથી, સાંજના ભાત ખાતા નથી, બહાર ફરવા જતા નથી, અઠવાડિયે એકાદવાર સાબુનો ઉપયોગ કરીએ છીએ. બસ, ચાલી રહે છે..'

'એક વાત કરું?'

'કહો'

'મુંબઇના એક ઉદારદિલ શ્રાવક પાંચેક હજાર રૂપિયા સાધર્મિક ભક્તિમાં વાપરવા માગે છે. તું જો એ રકમ સ્વીકારવાની હા પાડતો હોય તો..'

'મહારાજ સાહેબ, મારી એક વાત સાંભળશો?'

'બોલ'.

'મેં જે રીતની કરકસરવાળી મારી જીવનવ્યવસ્થા ગોઠવી છે એમાં રૂપિયા ૯૫૦ના મારા પગારમાંથી રૂપિયા ૩૦૦ બચે છે. કો'ક સાધર્મિક આપના ખ્યાલમાં આવે તો મને આપ જણાવજો. હું એની ભક્તિ કરવા માગું છું.' યુવકના ખુમારીસભર આ જવાબ સામે મારે કાંઇ બોલવાનું રહ્યું નહોતું. પ્રશ્ન તો હું તમને પૂછું કે આ જ સાધર્મિક ટ્રેનમાં તમારી બાજુમાં આવીને બેસી ગયા હોત અને એના શરીર પરના લઘરવઘર મેલાં કપડાં તમારી આંખે ચડી ગયાં હોત, તો એના કપાળે તિલક જોવા છતાં ય તમે એને માટે અનુમાન શું કર્યું હોત? આ જ કે આ માણસ વિશ્વસનીય નથી! તમારા આ ગલત અનુમાનથી તમને સાધર્મિકની આશાતનાનું પાપ લાગે કે ન લાગે?

એટલે જ કહું છું કે મનની ચાલબાજીમાં ફસાશો નહીં. ધંધામાં તમને એકાદ વેપારી બોગસ ભટકાઇ જાય છે એટલા માત્રથી કાંઇ તમે તમામ વેપારીઓને બોગસ માનીને ધંધો બંધ નથી કરી દેતાં. એકાદ મિત્ર તમારી સાથે વિશ્વાસઘાત કરી જાય છે એટલા માત્રથી તમે તમામ મિત્રો સાથેના સંબંધ પર પૂર્ણવિરામ નથી મૂકી દેતા. જમવામાં એકાદ રોટલીમાં કાંકરી આવી ગઇ હોય છે એટલા માત્રથી તમે થાળીમાંથી કાંઇ બધી જ રોટલી કાઢી નથી નાખતા. તો એ જ રીતે સાધર્મિક-ભક્તિના ક્ષેત્રે એકાદ વખત કોઇ કડવો અનુભવ થયો હોય, તો ય અનુભવના આધારે તમામ સાધર્મિકોને ખોટા માની લેવાની અક્ષમ્ય ભૂલ ક્યારેય ન કરશો.

યાદ રાખજો. **સાધર્મિક એ કાંઇ મદદપાત્ર નથી કે દયાપાત્ર પણ નથી. એ બિચારો પણ નથી કે રાંકડો પણ નથી. એ તો છે ભક્તિનું પાત્ર. એની ભક્તિ કરવા દ્વારા આપણે આપણા સમ્યગ્દર્શનને મલિન થતું અટકાવવાનું છે. ધર્મમાં એને સ્થિર કરવા દ્વારા આપણે આપણા હૃદયમાં ધર્મશ્રદ્ધાને પ્રતિષ્ઠિત કરી દેવાની છે. એની શાતામાં અને સમાધિમાં નિમિત્ત બનવા દ્વારા આપણી શાતાને અને સમાધિને આપણે અકબંધ બનાવી દેવાની છે. એને સ્વસ્થ, મસ્ત અને પ્રસન્ન રાખવાના બહુમાનભાવપૂર્વકના પ્રયત્નો કરવા દ્વારા હકીકતમાં તો આપણે જ અનંત કરુણાના સાગર પરમાત્માના અને અનંત પ્રેમના સાગર ગુરુદેવના અનુગ્રહના ભાજન બનવાનું છે.** આવી અણમોલ સાધર્મિક ભક્તિ આપણા જીવનનો પ્રાણ બની રહો!

## નિયમ આપી દો

સુરતમાં સાધર્મિક ભક્તિનું આ મહાન કર્તવ્ય ખૂબ સરસ રીતે અમલી બનતું રહે એ ઉદ્દેશથી સ્થપાયેલ શ્રી આદીશ્વર ફાઉન્ડેશનના અન્વયે કાર્ય કરી રહેલ એક યુવક એક દિવસે સાંજે મને સુરત અઠવા લાઇન્સ જૈન ઉપાશ્રયમાં મળવા આવ્યો.

'મહારાજ સાહેબ, એક વાત કરવી છે.'

'બોલ'

'આજે સવારના સુરતના જ એક નબળા ગણાતા વિસ્તારમાં ગયો હતો. હું એક સાધર્મિકના ઘરે, તૂટી ગયેલ દીવાલ, સડી ગયેલ બારણું, ભંગાર વાસણ, મેલાં દાટ કપડાં, ભાગ્યાં-તૂટ્યાં કપરકાબી. અને નખાઇ ગયેલા શરીરવાળો સમસ્ત પરિવાર!

જિંદગીમાં પહેલી વાર આવું કો'કનું ઘર જોયું અને એ ઘરમાં વસતો આવો પરિવાર જોયો. હું સ્તબ્ધ થઇ ગયો. આવા ઘરમાં મારો દીકરો કે હું પોતે એક દિવસ પસાર ન કરી શકીએ અને ત્યાં આ પરિવાર આખી જિંદગી પસાર કરશે? હું આગળ કાંઇ વિચારી ન શક્યો. એ પરિવારના વડીલ સાથે વાત શરૂ કરતાં પહેલાં હું એમને પગે લાગ્યો. એમના કપાળે તિલક કરી એમના હાથમાં મીઠાઇનું પેકેટ મૂક્યું અને પછી વાતની શરૂઆત કરી.

'કામ શું કરો છો?'

'છૂટક મજૂરીએ જાઉં છું'

'રોજ કામ મળે?'

'ક્યારેક ન પણ મળે.'

'મહિને કેટલા રૂપિયા હાથમાં આવે?'

'લગભગ ૯૦૦'

'ઘર ચાલે?'

'ચલાવું છું'

'દૂધનો ખર્ચ કેટલો?'

'એક પણ રૂપિયો નહીં.'

'એટલે?'

'છેલ્લા ત્રણેક મહિનાથી ઘરમાં દૂધનું ટીપું ય આવ્યું નથી, પછી દૂધનો ખર્ચ લાગે જ ક્યાંથી?'

'એટલે તમારા આ નાનાં બાળકોએ પણ દૂધ પીધું નથી?'

'ના, નથી પીધું.'

મહારાજ સાહેબ, ત્યાં ને ત્યાં જ ત્રણ મહિના સુધી એમને ત્યાં દૂધ આવતું રહે એવી વ્યવસ્થા તો હું ગોઠવીને આવ્યો છું, પણ આજે મને ક્યાંય ચેન નથી પડતું. બપોરના ઘરે જમવા બેઠો તોય આંખ સામે એ જ દ્રશ્ય તરવર્યા કરે. એનાં નાનાં બાળકોના નિર્દોષ ચહેરાઓ મારી આંખ સામે આવ્યા કરે અને હું જમતાં જમતાં રડી પડ્યો.

'તમને શું થાય છે?' મારી પત્નીએ પૂછ્યું.

અને

મેં જમવાની થાળી પર બેઠાં બેઠાં જ આજે સવારના મેં જે કાંઇ જોયેલું અને સાંભળેલું, એ બધું જ મારી પત્નીને કહી દીધું. એની આંખમાંથી પણ આંસુ ટપકવા લાગ્યાં. જમવાનું અધૂરું છોડીને હું ઊભો થઇ ગયો. બપોરના બજારમાં ગયો, તો ત્યાં ય ચેન ન પડે. છેવટે આપની પાસે આવી ચડ્યો છું.

મહારાજ સાહેબ, ૪૦/૪૦ લાખના ફલેટમાં રહેતા અમે, ૫/૧૦ લાખના ફર્નિચર સાથે જીવતા અમે, ગાડી, ટી.વી., ફ્રિજ, એર-કન્ડીશનર, વીડિયો આ તમામ સામગ્રીઓ સાથે જીવતા અમે છાશવારે ને છાશવારે હોટેલમાં જઇને ૫૦૦/૧૦૦૦ રૂપિયા ઉડાડી આવતા અમે, ફેશન બદલાતાંની સાથે જ જૂનાં કપડાં કાઢી નાખીને હજારોની કિંમતનાં મોંઘાદાટ કપડાં વસાવી લેતા અમે, ક્યાં કલ્પના છે અમને સાધર્મિકોના આવા જાલિમ દુઃખોની? ક્યાં કલ્પના છે અમને દૂધના ટીપાં-ટીપાં માટે વલખાં મારતાં એમનાં નાનાં બાળકોની વેદનાની? જો ચાલુ સંયોગોમાં ય એ સાધર્મિકો પોતાના ઘરમાં દૂધ નથી લાવી શકતા, તો એમના પરિવારમાં કોઇને માંદગી આવે ત્યારે તો એમનું થાય જ શું?

હું આપનો આભાર માનવા આવ્યો છું કે મારા જેવા અનેક શ્રીમંત યુવકોને આપે આવા સાધર્મિકોના ઘરે ઘરે જતા કરી દીધા છે. એ સાધર્મિકોના જીવનનાં દુઃખોને સમજતાં કરી દીધા છે. અમારા કઠોર અને નઠોર બની ગયેલ હૈયાને કોમળ બનવા મજબૂર કર્યા છે. એક વિનંતિ કરું?'

'બોલ'

'ત્રણ-ત્રણ મહિનાથી જો કો'ક સાધર્મિકના ઘરમાં દૂધ પણ ન આવતું હોય તો એ દશ્ય સગી આંખે નિહાળ્યા બાદ મારે મારા જીવનમાં કંઇક તો ફેરફાર કરવો જ છે. આપ જ સૂચવો. હું શું કરું?

'સુખ ન છૂટે તો કાંઇ નહી, પણ શોખ તો છોડી શકે ને?'

'ચોક્કસ'

'તો નક્કી કર. આજ પછી આઇસ્ક્રીમ ક્યારેય ખાવો નહી. બની શકે કે દૂધ કદાચ સુખ છે, પણ આઇસ્ક્રીમ તો શોખ જ છે. એ છોડી દેવામાં બીજી શી તકલીફ છે?'

અને

એ યુવકે જ્યારે જીવનભરને માટે આઇસ્ક્રીમનો ત્યાગ કરવા હાથ જોડ્યા ત્યારે એની આંખમાં તો આંસુ હતાં જ, મારી આંખના ખૂણે પણ આંસુના બુંદ બાઝી ગયાં હતાં.

## આ દીર્ઘદર્શિતા!

સાલ હતી એ ૨૦૫૪ની. અમારું ચાતુર્માસ હતું એક શહેરમાં.

ચાતુર્માસ દરમ્યાન એક દિવસ મુંબઇના એક શ્રાવક વંદન કરવા આવ્યા. ધર્મના ક્ષેત્રમાં ખૂબ મોડા જોડાયેલા એ શ્રાવક હૃદયના ભારે કોમળ! વિપુલ સંપત્તિના માલિક પણ ઉદારતામાં એ ખૂબ આગળ!

વંદન કરીને જેવા એ શ્રાવક ઉપાશ્રયની બહાર નીકળ્યા કે તરત જ એમની જ ઓફિસમાં કામ કરતો એક સાધર્મિક કે જે એ શહેરમાં જ રહેતો હતો-એણે પોતાના આ શેઠને પોતાને ઘેર ચા પીવા આવવાની વિનંતી કરી. પળની ય વાર લગાડ્યા વિના એમણે એની વિનંતિ માન્ય કરી લીધી અને પોતાની સાથે આવેલ ધર્મપત્નીને લઇને એ એમને ત્યાં ચા પીવા ગયા. પછી જે કાંઇ બન્યું, એ એમના જ શબ્દોમાં.

'મહારાજ સાહેબ, અમે બન્ને એને ત્યાં ચા પીવા ગયા તો ખરાં, પણ એના ઘરની હાલત જોતાં હું તો સ્તબ્ધ બની ગયો. માત્ર એક જ રૂમ-રસોડું. એમાં રહે એનો પૂરો પરિવાર. એક પણ ચીજ વ્યવસ્થિત નહી. એનાં બાળકોનાં મોઢા પર કોઇ નૂર નહી. એણે જે ચા પીવડાવી એ ચામાં કોઇ સ્વાદ નહી.

એ મારી ઓફિસમાં કામ કરતો હતો એ જેટલું મહત્વનું હતું, એના કરતાં વધુ મહત્વનું તો એ હતું કે એ સાધર્મિક હતો. પર્યુષણમાં એણે કુલ છ ઉપવાસ કર્યા હતા. ઓફિસમાં એ સમયસર હાજર થઇ જતો હતો પણ પરમાત્માની પૂજા કરીને પછી જ એ ઘરેથી ઓફિસે આવવા નીકળતો હતો. એના જીવનમાં કોઇ વ્યસન નહોતું. હાથનો એ ચોખ્ખો હતો, તો કામમાં એ ચોક્કસાઇવાળો હતો.

મેં ત્યાં જ એને સરસ મજાનું ઘર લઇ આપવાનો નિર્ણય કરી લીધો. ઓફિસે આવ્યા બાદ મેં એને આ વાત કરી. એની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

અને એક શુભ દિવસે અત્યંત અગવડવાળા અને સુસંસ્કારોના આદાન માટે જોખમી કહી શકાય એવા વાતાવરણવાળા સ્થાનમાંથી એને ખસેડી લઇને મારા જ ખર્ચે સુંદર ઘરમાં અને એય સંસ્કારી વાતાવરણવાળા સ્થાનમાં એના સમસ્ત પરિવાર સાથે જ્યારે એ રહેવા આવ્યો ત્યારે એના મુખ પર કદાચ સરસ ઘર મળી ગયાનો આનંદ હશે, પણ મારા મુખ પર તો સુંદર સાધર્મિક ભક્તિ કરી શક્યાનો આનંદ ઝળકતો હતો.'

એટલું જ કહીશ તમને કે **હાથીના મોઢામાંથી માત્ર દાણો જ પડે છે અને કીડીઓનાં કુટુંબોનાં કુટુંબોનો એમાંથી જમણવાર થઇ જાય છે. બસ, એ જ ન્યાયે શ્રીમંતો માત્ર પોતાના મોજશોખોમાં થોડોક જ કાપ મૂકે અને બચેલી એ રકમમાંથી તેઓ ધારે તો સેંકડો સાધર્મિકોનો ઉદ્ધાર કરી શકે છે.**

અલબત્ત, ફરી ફરીને યાદ દેવડાવું છું કે આર્થિક રીતે નબળા પડી ગયેલા આવા તમામા સાધર્મિકો 'ભક્તિ'ને પાત્ર જ છે. એ સાધર્મિકોને તમારે વધ્યું-ઘટ્યું આપવાનું નથી. એમને ઉત્તમ સામગ્રી જ આપવાની છે અને એય હૃદયના બહુમાનભાવ સાથે ! અને આવી બહુમાનભાવપૂર્વક થતી સાધર્મિક ભક્તિ જ ભવાંતરમાં તમને આ શાસનનો અને સાધર્મિકોનો યોગ કરાવનારી બની રહેશે! લાવશો જીવનમાં આવી ઉત્તમ કોટિની સાધર્મિક ભક્તિ?

□□□

## સાધર્મિક ભાઇની ખુમારી !

**પૂ.આચાર્યદેવ શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા.**

'ગુરુદેવ! આજે તો મારે ઘેર ગોચરીનો લાભ આપવો જ પડશે. મારા દીકરાને અઠ્ઠમનું પારણું છે. અમારી ખૂબ ઇચ્છા છે કે આપ વહોરો પછી પારણું થાય.' અત્યંત ભાવુક એ ભાઇની આગ્રહ ભરી વિનંતિ સ્વીકારી મહારાજ સાહેબને મોકલ્યા વહોરવા.

અઠ્ઠમના પારણે એ ઘરે ગોળનું પાણી હતું. ચા હતી ને થોડાક મગ. નાના બાળકે ખૂબ ભાવથી વહોરાવ્યું. નાના મહારાજે ગુરુને આવીને ગોળનું પાણી બતાવ્યું ને આંખમાં પાણી સાથે કહ્યું... ગુરુદેવ! આટલો નાનો બાળક અઠ્ઠમનું પારણું કરે અને રાબડી, સુંઠ, પીપરામળની ગોળી, જ્યુસ-ફ્રુટ કે લીંબુનું સરબત પણ નહીં. ખૂબ ગરીબ છે ઘર.. સાંજે એ ભાઇ આવ્યા.. એમની જોડે થોડીક વાત કરીને કહ્યું ભાગ્યશાળી... એક ભાઇ તમને મદદરૂપ થવા ઇચ્છે છે... તમને કઇ રીતની મદદ એ કરી શકે તે જણાવશો. પેલા ગરીબ શ્રાવક કહે, મહારાજ સાહેબ મહિને બારસો રૂપિયા કમાઉ છું, નવસો રૂપિયામાં ઘર ચલાવું છું, ત્રણસો બચાવું છું. ગુરુદેવ! ત્રણસો રૂપિયાનું દર મહિને સુકૃત કરું છું.

આપને યોગ્ય લાગે ત્યાં મને લાભ આપશો. મોટો લાભ નથી લઇ શકતો પણ આવો નાનો લાભ તો મને આપશો જ. બધા જ સાધુભગવંતોએ એ દિવસે ભગવાનને પ્રાર્થના કરી કે 'હે પ્રભુ! દિલ આપે તો આવું આપજે.' વહેલી સવારની પહેલી સલામ કરીએ આવા... દિલના અમીરને ને... શોખ માટે, સ્ટેટસ માટે ને વટ માટે લાખો રૂપિયા બરબાદ કરતા ને વેડફતા આપણે થોડાક અટકીએ ને હજાર હાથવાળાએ દિલ ખોલીને આપ્યું છે તો છૂટે હાથે વાપરીએ!

## આર્થિક રીતે નબળા વૃદ્ધ સાધર્મિકો જોગ

આર્થિક તાણને કારણે તેમજ એકાંકી જીવનના કારણે જમવા વગેરેની તકલીફ હોય તથા વિકલાંગતાને કારણે રસોઇ આદિ ન થઇ શકતી હોય તો આપની નજીકની ભોજનશાળા અથવા અન્ય ઘરગથ્થુ ટિફિન આપના નિવાસસ્થાને મળી રહે એવી સગવડ હોય તો વિના સંકોચે અમને જાણ કરવા વિનંતી છે. આપશ્રીનું નામ તદ્દન ગુપ્ત રહેશે. આપશ્રીને શક્ય સહાય કરવા અમે પ્રયત્નશીલ રહીશું. આપશ્રીનો વિગતવાર પત્ર અમને નીચેના સરનામે પાઠવવા વિનંતી છે. **સુજ્ઞ વાચકોને વિનંતી છે કે આપના ધ્યાનમાં કોઇ ઉપરોક્ત પ્રકારના જરૂરતમંદ સાધર્મિક હોય તો તેની અમને જાણ કરવા વિનંતી છે.**

**શ્રી જયંતભાઇ 'રાહી'**
**શ્રીપાળ ફ્લેટ નં. ૪, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા,**
**એસ.ટી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.**
**ફોન : (૦૨૨) ૨૫૨૨૬૯૫૮.**



# સન્માન પત્ર

**શ્રી જયંતભાઈ 'રાહી'**એ જૈન સંગીતક્ષેત્રે **દશ વર્ષ** એટલે કે **એક દાયકો** યશસ્વી રીતે પૂર્ણ કર્યો એ નિમિત્તે આજથી **૩૭ વર્ષ પહેલા** મુંબઈની **દસ સુપ્રસિદ્ધ જૈન સંસ્થાઓ** દ્વારા ચોપાટીના સુવિખ્યાત **બિરલા ક્રીડા કેન્દ્ર**માં **તા. ૧૫-૦૬-૧૯૭૬**ના જૈન સમાજના અગ્રણી દાનવીર **શ્રેષ્ઠિવર્ય શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી**ના પ્રમુખસ્થાને યોજાયેલ યાદગાર અભિવાદન સમારોહમાં **શ્રી 'રાહી' સાહેબ**ને સબહુમાન જે સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું તેનું લખાણ સુજ્ઞ વાચકો માટે અહીં પ્રસ્તુત કરતા અત્યંત આનંદ થાય છે.

– **તંત્રી**

## જૈન સંગીતના ઉપાસક–કર્મવીર શ્રી જયંતકુમાર 'રાહી'

આજે અમે જૈન સમાજની આગેવાન સંસ્થાઓ અને આગેવાન વ્યક્તિઓ આપનું વિશિષ્ટ સન્માન કરતા ગૌરવ અનુભવીએ છીએ.

**દાયકાના શ્રેષ્ઠ સંગીતકાર :**

આપશ્રી જૈન સમાજના એક સારા **ગીતકાર, સંગીતકાર** અને **ગાયક** છો. આપશ્રીએ ભક્તિભર્યા ગીતોને ભાવનાઓથી મઢીને મુંબઈને જ નહિ કિન્તુ ભારતભરમાં મધુરા કંઠ દ્વારા રજૂ કરીને એક નવી જ પ્રેરણાદાયક કેડી કાયમ કરી છે. આપે સાહિત્ય-કવિતાના પ્રેમી બનીને કલાપીની જેમ પોતાના સૂર-શબ્દો અને સ્વરની અનુપમ ત્રિવેણીમાં આધ્યાત્મિક, આત્મીય અને તરતમ્યતાના રસને અનોખી શ્રદ્ધા અને ભક્તિ ભાવના દ્વારા પ્રવાહિત કરી પ્રભુના સાક્ષાત્કારને ઉપસ્થિત કરવાનું પુણ્યકાર્ય કર્યું છે.

**દાયકાના શ્રેષ્ઠ પ્રકાશનો :**

અત્યાર સુધી આપશ્રીએ સ્તવનોના દશ ઉપરાંત અલભ્ય પુસ્તકો પ્રકાશિત કર્યા છે. જે પ્રકાશનોએ જૈન સંગીત ક્ષેત્રે નવી ક્ષિતિજો સ્થાપી, અપ્રતિમ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે.

**ગીત કથાના અજોડ ગાયક :**

જૈન સંગીત ક્ષેત્રે કથાકારો અલ્પ છે. એ અલ્પોમાં આપશ્રી અજોડ પૂરવાર થયા છો. કલાકો સુધી શ્રોતાઓ કથા પ્રવાહમાં તણાતા રહે છે અને આથી જ આપશ્રી **કથાવારિધિ**નું માનવંતુ બિરૂદ પામ્યા છો. તાજેતરમાં નવસારી મુકામે **'અંજનશલાકાના અજોડ ગાયક'** તરીકે ગજબની લોકપ્રિયતા પામ્યા છો. આ સિવાય ભારતભરમાં અનેક શહેરોમાં સફળ કાર્યક્રમો દ્વારા જૈન-જૈનેતરો તરફથી અનેક સુવર્ણચંદ્રકો, સન્માનપત્રો અને પ્રેમ મેળવી જૈન સંગીતક્ષેત્રે જ્વલંત કીર્તિ પામી નવા સીમાડા સ્થાપ્યા છે.



**યુવક પ્રવૃત્તિઓ :**

જૈન યુવાન વર્ગ પ્રત્યે આપનો પ્રેમ જગ જાહેર છે. ઠેર ઠેર મંડળો સ્થાપી નિઃસ્વાર્થ ભાવે પ્રેરણા અને પ્રોત્સાહન આપી, આજની યુવાન પેઢીને ધર્મ તરફ વાળવાના જે સફળ પ્રયાસો કરી રહ્યા છો. અનેક મહિલા મંડળો, યુવક મંડળો અને બાલ મંડળો આજે પણ આપની પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહનના પ્રતાપે જૈન સંગીત ક્ષેત્રે આગેકૂચ કરી રહ્યા છે.

**અખબારી સેવા :**

**'લબ્ધિકૃપા'** (હિન્દી-ગુજરાતી) નામક જૈન માસિક પત્રના **માનદ્ તંત્રી** તરીકે આપશ્રીની **નિઃસ્વાર્થ સાહિત્ય સેવા**થી હજારો જૈન વાચકો આપશ્રીની સેવાનો પરિચય પામી રહ્યા છે. એ અખબાર દ્વારા જૈન ધર્મનો પ્રસાર-પ્રચાર, સાધર્મિક સેવા, યુવક માર્ગદર્શન, સુસંસ્કાર આદિનો પ્રચાર કરી સુંદર સેવા બજાવી રહ્યા છો.

**આશીર્વાદ :**

અનેક પૂજ્ય આચાર્યાદિ મુનિ ભગવંતો, અગ્રગણ્ય અખબારો, આગેવાનો આદિએ આપશ્રી પ્રત્યે હંમેશા પ્રશંસાત્મક દૃષ્ટિ કેળવી છે. જે આપની વિનમ્રતા, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા આદિનું પ્રતીક છે.

અનેક તેજસ્વી વ્યક્તિત્વના સ્વામી **શ્રીયુત 'રાહી'**, આજે આપને આ સન્માનપત્ર અર્પણ કરતાં અમને ઘણો જ આનંદ થાય છે.

આ સન્માનપત્ર અર્પણ કરતાં શાસનદેવને પ્રાર્થીએ છીએ કે આપશ્રી તંદુરસ્તીભર્યું દીર્ઘ આયુષ્ય પામી જૈન સાહિત્ય અને સંગીતની સુંદર સેવા કરો. આજના નવયુવકો માટે પ્રેરણાનું પ્રતીક બની રહો અને જીવનપંથને ઉજમાળ બનાવો એ જ અભ્યર્થના.

લિ. અમો છીએ,

**દીપચંદ એસ. ગાર્ડી (સમારંભ અધ્યક્ષ)**

**રવજી ખીમજી છેડા (સમારંભ ઉદ્‌ઘાટક)**

**શુભસ્થળ :** બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ,
૧૫મી ઓગસ્ટ, ૧૯૭૬

**અમે આપના ગુણાનુરાગી**

- **શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ**
- **શ્રી જૈન આત્માનંદ સભા**
- **શ્રી ઝાલાવાડ જૈન મૂર્તિપૂજક સંઘ**
- **શ્રી જૈન સંસ્કૃતિ કલા કેન્દ્ર**
- **શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ**
- **શ્રી ચીમન છાત્રાલય**
- **શ્રી જૈન ચિત્રકલા નિર્દેશન**
- **શ્રી યશોભારતી જૈન પ્રકાશન સમિતિ**
- **શ્રી જૈન સાહિત્યકલા મંદિર**
- **શ્રી કચ્છ પેસેન્જર્સ એસોસિએશન**



# મહા કલ્યાણકારી મહામંત્ર નવકાર

સૂરજચંદજી ડાગી

નમસ્કાર મહામંત્રનો શબ્દાર્થ અને ભાવાર્થ સાથે પરમાર્થ જાણવાનો સમય આવ્યો છે. 'सुत्तागमे।' અને 'अत्थागमे।' સમજ્યા બાદ 'तदुभयागमे।' સમજવાનો અવસર પ્રાપ્ત થયો છે. માહાત્મ્યનો પરમાર્થ જાણ્યા કે પિછાન્યા વિના ભક્તિ દૃઢ થઇ શકતી નથી. અને દૃઢ ભક્તિ વિના ભગવત્ પ્રાપ્તિ યા મોક્ષસિદ્ધિ અસંભવ છે. નિશ્ચય અર્થને પરમાર્થ કહે છે, તથા શબ્દ અને અર્થની એકતાને તદુભયાગમ કહે છે. જ્યાં સુધી મહામંત્રના શબ્દ અર્થરૂપે પરિણામ ન પામે ત્યાં સુધી અધુરાપણું છે. 'नमो।' શબ્દ બોલતાંની સાથે જ મન અને બુદ્ધિ શ્રી અરિહંતના ચરણોમાં નમી જવાં જોઇએ. બાહુબલિજી માટે બ્રાહ્મી-સુંદરી દ્વારા ભગવંતની વાણી જ તદુભયાગમ અથવા પરમાર્થ બની ગઇ. મરુદેવીમાતા માટે ભગવાનનું મૌનાવલંબન જ તદુભયાગમ અને પરમાર્થરૂપ બની ગયું.

**'મમ'**નો ભાવ આવ્યો કે માર્યા અને **'નમ'**નો ભાવ આવ્યો કે તર્યા. કોઇને **'અરિ'** સમજ્યા કે મર્યા કોઇને **'અરિ'** ન સમજ્યા કે તર્યા. અહીં તરવાનો મતલબ શ્રી અરિહંતના ધર્મચક્રમાં આવ્યા. જ્યારે કોઇ દુશ્મન ન રહ્યું, ત્યારે મોક્ષ માર્ગ નિર્વિઘ્ન બની ગયો, પછી સિદ્ધ કેમ ન થવાય? શ્રી અરિહંતના ધર્મમાર્ગમાં આવ્યા વિના, સર્વના મિત્ર થયા વિના કોઇ પણ પવિત્ર કાર્યની સિદ્ધિ અસંભવિત છે.

આપણા ઇષ્ટનો નિશ્ચય કરવાને માટે આપણે કોઇ ચિંતન કરવાની આવશ્યકતા નથી. ઇષ્ટ આપણા 'સિદ્ધ' છે. સ્વયં સિદ્ધ હોય અને સિદ્ધ શું કરવાના? હા, સિદ્ધ કરવાને માટે શ્રી અરિહંતનું શાસન આવશ્યક છે. 'वेरं मज्झ न केणइ' 'मित्ती मे सव्वभूएसु' આ બંને નિવૃત્તિ-પ્રવૃત્તિમય ભાવનાઓરૂપી પાંખો વડે મોક્ષ તરફ ઉડ્ડયન કરી શકાય છે.

'કોઇની સાથે અમારે વેર નથી.' આ ભાવના પુષ્ટ થઇ કે અરિહંત બન્યા, વૈરી નાશ થઇ ગયા. 'સર્વ પ્રાણી અમારા સુહૃદ્ છે, મિત્ર છે,' આ ભાવના પુષ્ટ થઇ કે 'સિદ્ધ' થયા. નિર્વેર 'શ્રી અરિહંત'ના ઉપકાર દ્વારા જ સર્વના મિત્ર 'સિદ્ધ' થઇ શકાય છે શ્રી અરિહંતના ધર્મમાર્ગમાં આવ્યા કે કોઇની સાથે વિરોધ રહેતો નથી. એ સમજમાં આવી જાય છે કે દુનિયામાં બધાં દુઃખો અમારા પોતાના કર્મોનું ફળ છે. બીજાને દોષ આપ્યો કે શેતાનનું શાસન, રૌદ્રધ્યાનનું સેવન, દુષ્ટતાનું આચરણ અને દુર્બળતાનું પ્રકાશન. દુઃખોમાં રોયા તો હેવાનનું શાસન, આર્ત્તધ્યાનનું સેવન, કનિષ્ટતાનું આચરણ અને નિર્બળતાનું પ્રકાશન. કોઇને શત્રુ ન સમજીને ક્રોધને છોડવાનો અભ્યાસ પાડવો એ ઇન્સાનનું શાસન, ધર્મધ્યાનનું સેવન, શ્રેષ્ઠતાનું આચરણ અને સબળતાનું પ્રકાશન. એ પુષ્ટ થયું કે સ્વયં સિદ્ધ ભગવાનનું શાસન, શુક્લધ્યાનનું સેવન, પરમ શ્રેષ્ઠતાનું યથાખ્યાત આચરણ અને પ્રબળતાનું પ્રકાશન થઇ જશે.

આ આદર્શ સુધી પહોંચવા માટે આચાર્યોના ચરણોમાં જઇને 'करेमि भंते समाइयं।' કહેવું જોઇએ. ઉપાધ્યાયોના ચરણોમાં પહોંચીને સ્વાધ્યાય દ્વારા સાધનાનો માર્ગ સ્પષ્ટ કરવો જોઇએ. એ રીતે 'नमो लोए सव्वसाहूणं।' નો સાધનારૂપી પરમાર્થ હાથમાં આવ્યો કે પંચનમસ્કાર સર્વપાપોને દૂર કરી, સર્વ મંગળોમાં પ્રથમ મંગળ બની, સર્વને માટે સર્વથા કલ્યાણકર બની જાય છે.

આપણા હૃદયમાં સર્વ કલ્યાણનું કારણ, સર્વધર્મમાં પ્રધાન, સર્વમંગળનું માંગલ્ય એવા આ શ્રી જિનશાસનનો જયજયકાર થવો જોઇએ. અત્યારે આપણા હૃદયમાં શેતાન-હેવાનનો જય થાય છે. ઇન્સાન ભગવાનની હાર થાય છે. તે દિવસ ધન્ય હશે કે જ્યારે અમારા મનમાં પ્રભુનું શાસન જયવંત થશે અને જગતનું શાસન પરાજય પામશે. એ માટે આપણે શું કરવું જોઇએ?

ઉત્તમ સમયમાં, ઉત્તમ સ્થાન પર બેસીને ઉત્તમ મનથી ઉત્તમ ધ્યાન કરવું પડશે. ઉત્તમ ધ્યાન સૌથી પહેલાં સફેદ વર્ણથી નિર્મળ અરિહંત પ્રભુ-ચંદ્રપ્રભુનું કરવું પડશે. અષ્ટમ તીર્થંકર શ્રી ચંદ્રપ્રભસ્વામિની પ્રતિમાની સામે 'नमो अरिहंताणं।' ની ઘોષણા કરી 'चंदेसु निम्मलयरा।' તથા-

'नित्योदयं दलितमोहमहांधकारं, गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।
विभ्राजते तव मुखाब्जमनल्पकांति विद्योतयज्जगद पूर्व शशांकबिंबम् ।।

ની સ્તુતિ કરવી પડશે. પછી સિદ્ધપ્રભુનું રક્તવર્ણે ધ્યાન કરવું પડશે. મસ્તક સ્થાન પર બાલસૂર્ય ઉગી રહ્યો છે. લાલ-લાલ રંગના કિરણોરૂપી જ્ઞાનની તલવારથી કર્મરૂપી શત્રુઓને કાપી રહ્યો છે. એ કિરણોમાં લાલ કમળ ખીલી રહ્યું છે. તેનાથી સુશોભિત છઠ્ઠા શ્રી પદ્મપ્રભસ્વામિની લાલ વર્ણની પ્રતિમાની સામે 'नमो सिद्धाणं'ની ઘોષણા કરવી પડશે તથા 'आइच्चेसु अहियं पयासयरा।' અને-

'नास्तं कदाचिदुपयासि न राहुगम्य: स्पष्टीकरोति सहसा युगपज्जगन्ति।
नांभोधरोदरनिरुद्ध महाप्रभाव: सूर्यातिशायि महिमाऽसि मुनीन्द्र! लोके।।

હવે આચાર્ય ભગવંતનું ધ્યાન કરવું પડશે.

અનાદિ કાળથી જે મન વિષયોની ધારામાં વહી રહ્યું છે, તેને પલટીને પ્રભુની આરાધનામાં લગાવું હોય તો તેને ઉલટાવી નાંખવું જોઇએ. મનને ઉલટાવીને વાંચવાથી **'નમ'** થઇ જાય છે અને ત્યાંથી જ ધર્મનો પ્રારંભ થાય છે. **'નમો'** પદની ઉપલબ્ધિ અથવા સાક્ષાત્કાર થયા બાદ આત્મા **'અરિહંત'** બની જાય છે. મનમાં સમગ્ર સંસાર મમતારૂપે રહેલો છે, તે **'અરિ'** એટલે શત્રુ સમાન છે તેનું **'નમ'** થતાં જ બધા આંતર દુશ્મન સમાપ્ત થઇ જાય છે. બાહુબલીને કૈવલ્યની પ્રાપ્તિ નમનથી જ થઇ હતી.

અહંકારના દમનનો બ્રાહ્મી-સુંદરી ધ્વનિ કાનમાં પડતાંની સાથે જ નમસ્કાર મહામંત્રના પારમાર્થિક મહિમાનો તેમને સાક્ષાત્કાર થયો. બ્રાહ્મી-સુંદરીએ ભાઇ બાહુબલીને જ્ઞાનપૂર્વકની ભક્તિ 'પઢમં નાણં તઓ દયા' નો સનાતન પાઠ ભણાવ્યો.

ચૌદપૂર્વના જ્ઞાનનો સાર નમસ્કાર છે. તેના પ્રત્યે દઢ નિષ્ઠા-પરમભક્તિ ચૂલિકામાં બતાવી છે. પંચપદ નમસ્કાર અને ચતુષ્પદ ચૂલિકાના નવપદોમાં મોક્ષ સાધનાનો સમસ્ત સાર આવી જાય છે.

આચાર્યપદના ધ્યાનની પ્રક્રિયા કહીએ છીએ.

જે રીતે અરિહંતના વ્યાવહારિક દષ્ટાંતપૂર્વક સિદ્ધનો પારમાર્થિક સિદ્ધાન્ત પ્રતિફલિત થાય છે, તે રીતે આચાર્યોના આચાર-વ્યવહારપૂર્વક ઉપાધ્યાયનો વિચાર-સ્વાધ્યાય થઇ શકે છે અને તે દ્વારા સર્વ સાધુઓની સમષ્ટિ સાધના સિંચિત થાય છે.

અરિહંતના ઉપકાર અને સિદ્ધના આધાર પર જ્યારે આચાર્યના આચારનો પ્રારંભ થાય છે, ત્યારે સિદ્ધિના દર્શન થાય છે. આચાર્યનું ધ્યાન પીળા રંગથી કરવામાં આવે છે. પુરુષાર્થપ્રધાન આચાર્યોનું સ્મરણ કરવા માટે પીળા રંગના સોળ તીર્થંકરોનું ધ્યાન કરવું જોઇએ.

મોક્ષને માટે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયના આસ્રવોને રોકવા જોઇએ. આસ્રવોને રોકવા માટે સંવરપ્રધાન આચરણ આવશ્યક છે. મિથ્યાત્વને દૂર કરવા માટે સૌથી પહેલાં શાંતિનાથ ભગવાનની પીત વર્ણની આંગીવાળી પ્રતિમાની સામે યૈ: શાંતરાગરુચિભિ:। ભક્તામરના આ ૧૨મા શ્લોકનું ઉચ્ચારણ કરવું અને મૃગમરીચિરૂપ મિથ્યાત્વના નાશક મૃગલાંછન અંકિત ભગવાન શાંતિનાથની સ્તુતિ કરવી. આસપાસ ભગવાન ઋષભદેવ અને ભગવાન વર્ધમાન પ્રભુની પીતવર્ણીય દેહમુદ્રાનું ધ્યાન કરવું.

ભગવાન વર્ધમાનસ્વામી કષાયના નાશક છે. મૃગને મારીને મૃગપતિ-મૃગોના રાજાનું બિરૂદ પામનાર સિંહનું લાંછન ધારણ કરનાર મહાવીર પ્રભુ કર્મપ્રકૃતિને દમન કરવાવાળા છે, તેમની સ્તુતિ માટે 'સોऽहं तथापि तव भक्तिवशान्मुनीश।' એ ભક્તામરના પાંચમા શ્લોકનું ઉચ્ચારણ કરવું. આ બાજુ બળદના સમાન પ્રમાદી જીવનને દૂર કરવાવાળા ભગવાન ઋષભદેવની સ્તુતિ स्त्रीणांशतानिशतशो जनयन्तिपुत्रान्। એ બાવીસમા અને પહેલા બે શ્લોક વડે કરવી. ત્યારબાદ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને પાંચ મહાવ્રતોના ઉત્તમ પુરુષાર્થનું સ્મરણ કરવા માટે અજીતનાથ ભગવાન આદિ ૧૩ જિનેશ્વરો કે જેમની દેહમુદ્રા પણ પીતવર્ણની છે, તેમની સ્તુતિ કરવી.

અજીતનાથ ભગવાનનું સ્તવન કરવા માટે ભક્તામરનો ત્રીજો શ્લોક, સંભવનાથ ભગવાનનું સ્મરણ કરવા માટે ચોથો શ્લોક, અભિનંદન ભગવાનનું સ્મરણ કરવા માટે છઠ્ઠો શ્લોક, સુમતિનાથ ભગવાનનું સ્મરણ કરવા માટે આઠમો શ્લોક, સુપાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરવા માટે સાતમો શ્લોક, શીતળનાથ ભગવાનનું સ્મરણ કરવા માટે પંદરમો શ્લોક, શ્રેયાંસનાથ ભગવાનનું સ્મરણ કરવા માટે ચૌદમો શ્લોક, વિમલનાથ ભગવાનનું સ્તવન કરવા માટે નવમો શ્લોક, કુંથુનાથ ભગવાનના સ્તવન માટે દશમો શ્લોક, અરનાથ ભગવાનના સ્તવન માટે વીસમો શ્લોક અને નમિનાથ ભગવાનના સ્મરણ માટે એકવીસમો શ્લોક બોલવો, અને તે તે ચિન્હથી ચિન્હિત ભગવાનની પીતવર્ણવાળી દેહમુદ્રાનું ધ્યાન કરવું. એ ધ્યાનથી તે તે શ્લોકોના વિશેષ અર્થ પૂર્ણરૂપથી સમજમાં આવી જશે, અને ચિન્હોનાં મર્મ પણ સમજાઇ જશે. એ રીતે આચાર્યપદનું તન્મયતાપૂર્વક ધ્યાન કરીને ચોથા ઉપાધ્યાયપદનું ધ્યાન કરવા માટે 'सागरवरगंभीरा' ની ઘોષણાપૂર્વક નીલ વર્ણયુક્ત પાર્શ્વપ્રભુની પ્રતિમા સામે લાવવી. વિષયો વિષ સમાન છે. સર્પનું ઝેર ઉતરવાથી જેમ લીમડો કડવો લાગવા માંડે છે, તેમ શ્રી પાર્શ્વપ્રભુના ધ્યાનથી વિષય રસ કડવા લાગે છે. લીલી અંગ રચનાવાળી પાર્શ્વપ્રભુની પ્રતિમાની સામે 'किं शर्वरीषुशशिनाह्नि विवस्वतावा।' એ ૧૯મો શ્લોક બોલીને સ્તવના કરવી. અનુકૂળતા હોય તો ઉવસગ્ગહરંસ્તોત્ર અને કલ્યાણમંદિર સ્તોત્રનો પણ પાઠ કરવો, અને પછી પંચમપદ 'नमोलोए सव्वसाहूणं।' નું ધ્યાન શ્યામસુંદર નેમનાથ ભગવાનની સામે કરવું. ભક્તામરના ૨૬મા શ્લોક દ્વારા તેમની પણ સ્તુતિ કરવી.

'एसोपंचनमुक्कारो' એ કેશરીયા રંગના ખૂણામાં શુકલ વર્ણ શ્રી સુવિધિનાથ ભગવાનનું ધ્યાન કરવું. અને ૨૫મા શ્લોક દ્વારા સ્તુતિ કરવી તેથી દર્શનશુદ્ધિ થાય છે.

'सव्वपावप्पणासणो।' એ જામલી રંગના ખુણામાં લીલા વર્ણવાળા શ્રી મલીનાથ પ્રભુનું ધ્યાન કરવું અને ભક્તામરના અંતિમ શ્લોક દ્વારા સ્તુતિ કરવી એથી જ્ઞાનગુણની વૃદ્ધિ થાય છે.

'मंगलाणं च सव्वेसिं।' એ આસ્માની રંગના ખુણામાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની શ્યામ સુંદર પ્રતિમાનું ધ્યાન કરવું અને ૨૭મા શ્લોક દ્વારા સ્તુતિ કરવી. એથી ચારિત્રગુણની શુદ્ધિ થાય છે.

'पढमंहवइमंगलं।' એ કસુંબા વર્ણના ખુણામાં રક્તવર્ણવાળા શ્રી વાસુપૂજ્યસ્વામીનું ધ્યાન કરવું અને ૨૩મા શ્લોક દ્વારા સ્તુતિ કરવી. તેથી તપગુણની વૃદ્ધિ થાય છે.

અહીં અટકીને અંતમાં ૧૬મા શ્લોકનું ઉચ્ચારણ કરી આરતી-મંગળદીપક કરવો. આરતી કર્યા બાદ ૨૮મા શ્લોકથી અંતિમ શ્લોકના પહેલા સુધી સર્વ શ્લોકો બોલી જવા. અષ્ટમહાપ્રાતિહાર્યથી યુક્ત ભવભયનાશક સર્વ તીર્થંકરોની એ રીતે સ્તુતિ કરી લોગસ્સ સૂત્રનો પાઠ કરવો. અંતમાં શક્રસ્તવ કહી આ ધ્યાનની પૂર્ણાહુતિ કરવી એ રીતે ધ્યાન કરવાથી ૨૪ પ્રકૃતિઓની સાથે ૨૪ તીર્થંકરોનું ધ્યાન કેવી રીતે મોક્ષ પુરુષાર્થમાં સહાયક થાય છે, એ વાત સ્વયં સ્ફુરિત થઇ જશે.

**પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અહંકાર** એ આઠ ભેદવાળી અપરા પ્રકૃતિઓને આઠ કર્મોની **૧૪૮** ઉત્તર પ્રકૃતિઓ સાથે પૂરેપૂરો સંબંધ છે. તે કેવી રીતે? તથા પરાપ્રકૃતિ જીવભૂત છે, તેણે સર્વ જગતને ધારણ કરી રાખ્યું છે. એનાથી છૂટવા માટે શુદ્ધ નિશ્ચયસ્વરૂપ સિદ્ધપ્રભુની પ્રાપ્તિ કેવી રીતે થાય છે? તેનો પણ ઉપાય યથાશાસ્ત્ર, યથામતિ, યથાઅનુભવ ગીતાર્થ ગુરુ ભગવંતો અવશ્ય બતાવી શકે.

□□□

# નવકાર મંત્રના પરમ સાધક, જૈન સંગીતરત્ન શ્રી જયંતભાઈ 'રાહી' સાથે એક અનોખી મુલાકાત



અમૃત નીશાર

કચ્છ અને વાગડના વાચકોએ **જયંતભાઈ 'રાહી'**નું નામ ન સાંભળ્યું હોય એવું બની શકે ખરું? કચ્છી ખબર પત્રિકામાં છાશવારે **'જયંત રાહી અને નવકાર'**ની મેટર વાંચવામાં આવે, આવે અને આવે જ. ઘણાને થશે કે આ **જયંતભાઈ 'રાહી'** છે કોણ? કચ્છના કયા ગામના છે? દશા છે કે વિસા છે? જો કે અમારા વાચક મિત્રોને જણાવી દઈએ કે **'રાહી'** એ **જયંતભાઈ**નું **'તખ્ખલુસ'** છે. **જયંતભાઈ**નું આખુ નામ છે **જયંતભાઈ ડાયાલાલ શેઠ.** પાટણ તેમનું વતન. તા. ૭/૭/૧૯૪૨ના જન્મેલા **જયંતભાઈ** આજે પાંસઠ વર્ષની ઉંમરે પણ યુવાનોને શરમાવે તેવી સ્ફુર્તિ ધરાવે છે. તેમના બા-બાપુજી પણ ખૂબ જ ધાર્મિક હતા. તેમના પિતાજીએ પાંત્રીસ વર્ષની વયે ચોથા વ્રતની બાધા લીધેલી. અને આપણા આ **જયંતભાઈ**એ પણ આજથી ત્રીસ વર્ષ પહેલાં પાંત્રીસ વર્ષની ઉંમરે ચોથા વ્રતની બાધા લીધેલી છે.

પાટણની ધરતી એટલે ધર્મનગરી, પાટણમાં ૧૦૮ જિનાલયો છે. અનેક સાધુ-સંતો પાટણની ધરતી પર હોય જ અને તેમના પ્રવચનો પણ ચાલતા હોય. ભાવનાઓ અને અનુષ્ઠાનો પણ થતાં જ હોય. **જયંતભાઈ**ને બાળપણથી જ ગીત-સંગીતનો શોખ. તેમણે સ્થાનિકે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો અને એક વર્ષ કોલેજ પણ ગયા. મુંબઈ આવીને તેમણે અમીચંદ ગોવનજી મીઠાઈવાલાની દુકાને સેલ્સમેન તરીકે નોકરી કરી. દેરાસર બાજુમાં જ હતું અને મા-બાપના સંસ્કાર તેથી નિત્ય દેરાસરે જતા. ભાવનામાં પણ જતા.

એ જમાનામાં પણ તેઓ પગારમાંથી રોજના ચાર આના સાધર્મિકની પેટીમાં રાખતા. આજથી ચાલીસ વર્ષ પહેલાં તેમણે પહેલો કાર્યક્રમ બોરીવલી દોલતનગરમાં **આચાર્ય શ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.સા.**ની નિશ્રામાં કર્યો. ત્યારે તેમની ઉંમર હતી ફક્ત ૨૧ વર્ષ. (શ્રી ધર્મધુરંધરવિજયજીની આચાર્ય પદવીનો કાર્યક્રમ આઝાદ મેદાનમાં રાખવામાં આવ્યો હતો. આજ દિન સુધી આઝાદ મેદાનમાં આવા કાર્યક્રમો થયા નથી.) પૂજ્ય આચાર્યશ્રીએ **જયંતભાઈ**ને ખૂબ આશીર્વાદ આપ્યા અને **'રાહી'** તખ્ખલુસ પણ આપ્યું. શ્રી મહાવીરસ્વામીના સ્વરચિત ગીતોની સ્પર્ધામાં **જયંતભાઈ**નો ત્યારે પ્રથમ નંબર આવેલો. આચાર્યશ્રી પાસેથી તેઓ ધર્મનું જ્ઞાન પણ શીખ્યા.

સવાસો જેટલી અંજનશલાકાઓમાં **જયંતભાઈ 'રાહી'**એ પોતાના સંગીતના સુરો રેલાવ્યાં છે. ભારતના મોટાભાગના શહેરોમાં તેમના કાર્યક્રમો થયા છે અને હજારો લોકો તેમાં ખૂબ જ શ્રદ્ધા-ભાવથી આવે છે. વિદેશમાં કાર્યક્રમો કરવાની પણ તેમને ઓફર્સ મળે છે પરંતુ વિદેશમાં ન જવાની તેમણે બાધા જ લઈ લીધી હોય એવું છે. તેઓ કહે છે કે પહેલા ભારતમાં તો બધા સુધી પહોંચીએ, પછી વિદેશમાં વાત. આ દેશ છોડીને જવાની જરૂર શું છે?

પરદેશના લોકો તેમની સીડીના આધારે જાપ-અનુષ્ઠાન કરે છે ખરા. **જયંતભાઈ 'રાહી'** પૈસે ટકે સુખી છે. તેમના આ જાપ અનુષ્ઠાનમાંથી તેઓ એક પૈસો પણ લેતા નથી. ન કોઈ બોલી કે ન કોઈ ચડાવા. તેમના કાર્યક્રમમાં છેલ્લા દસ વર્ષથી ફક્ત નવકારના જ જાપ થાય છે. તેમની દૃષ્ટિએ નવકારથી વિશેષ મંત્ર આ સંપૂર્ણ બ્રહ્માંડમાં બીજો કોઈ નથી. દરેક ધર્મનો સાર અને નિચોડ આપણા નવકારમાં છે. દુનિયાના તમામ સુખ-સમૃદ્ધિ અને વૈભવ આ નવકારમાં છે. નવકારને જીનીવાની ધર્મ પરિષદમાં વિશેષ મંત્રનું બિરુદ મળ્યું છે. અને એ નવકાર મંત્રની પ્રશંસા કરનાર પણ એક મૌલવી હતા. આવા મહા ગુણકારી નવકાર મંત્રને જ જીવન સાધના બનાવનાર **જયંતભાઈ 'રાહી'** છેલ્લા દસ-બાર વર્ષથી નવકાર જાપ અનુષ્ઠાન કરાવે છે. તેમના નવકાર જાપમાં કોઈ અન્ય પ્રવચનો-ભાષણો કે પ્રલોભનો નથી હોતા. નથી હોતી નવકારશી કે સાધર્મિક ભક્તિ. લોકો ફક્ત અને ફક્ત નવકાર મંત્રની સાધના માટે જ આવે છે અને એવા તો લીન બની જાય છે કે આખા અનુષ્ઠાન દરમ્યાન ઊભા પણ ન થાય. પોતાની મૂલ્યવાન વાણીથી અને સંગીતના સૂરોથી શ્રાવકોને ભક્તિ રસમાં તરબોળ કરતા **જયંતભાઈ** એક પણ પૈસો નથી લેતા કે નથી લેતા કોઈ સન્માન. હા, સંઘનું અપમાન ન થાય એટલે ફક્ત કેસરના ચાંદલાનું પ્રતિક સન્માન જ સ્વીકારે.

ચેમ્બુરથી શરૂ થયેલ નવકાર જાપ અનુષ્ઠાનના મુખ્ય ચાર સેન્ટરો છે. ચેમ્બુર-ઘાટકોપર-મુલુંડ અને પાયધુની. તેઓ નવકારના ઉત્કૃષ્ટ સાધક છે. નવલખા જાપ પણ કરે છે. અત્યાર સુધીમાં તેઓએ એક કરોડથી અધિક નવકાર જાપ કર્યા છે. તેમનું આખુ કુટુંબ ધાર્મિક. તેમના પત્ની સુશીલાબેન સંગોઈ કચ્છી છે અને તેમનું ગામ છે કપાયા. ઘરમાં બધા કચ્છી જ બોલે. તેમના એક દિકરા અને દિકરી પરણી ગયા છે. સુશીલાબેન પણ ખૂબ જ ધાર્મિક. તેમની પણ તપસ્યાઓ ચાલુ જ હોય. **જયંતભાઈ**ને પણ પૈસાનો કોઈ મોહ કે સ્પૃહા નથી. ચેમ્બુરમાં તેમની ત્રણ દુકાનો છે. સુહાગન-જનતા અને અંબિકા. **જયંતભાઈ** વર્ષોથી નિવૃત્ત થઈ ગયા છે. **જયંતભાઈ**ની પ્રેરણાથી **'નવકારનો રણકાર'** નામનું એક મેગેઝીન નીકળે છે. તેના તંત્રી છે ચીમનલાલ એમ. શાહ (કલાધર).

'ઘર-ઘર ગુંજે શ્રી નવકાર'ની ચળવળ ચલાવતા **જયંતભાઈ 'રાહી'**

પોતે અચ્છા ગીતકાર પણ છે. તેમના નવકારના પ્રથમ કાર્યક્રમમાં ૫૦ જણની પણ હાજરી ન હતી અને આજે ૧૦ થી ૨૦ હજારની મેદની પણ ઉમટે છે. નવકારને તેઓ કલ્પવૃક્ષ સાથે સરખાવે છે. નવકાર મહામંત્ર બધું જ આપી શકવા સમર્થ છે. તેમની સીડીના નફાના પૈસા પણ તેઓ જીવદયા અને સાધર્મિકમાં વાપરે છે. સાધર્મિક ભક્તિની તેમની પ્રવૃત્તિઓ ખરેખર પ્રેરણાદાયી છે. ગાંઠનું ગોપીચંદ કરીને સાધર્મિક ભક્તિ કરતાં **જયંતભાઇ**ને હવે તો સામેથી લોકો તેમની સંપત્તિ આપે છે અને સાધર્મિક ભક્તિમાં વાપરવાનું જણાવે છે. શ્રાવકનું સન્માન જળવાય એ રીતે તેને મદદરૂપ થતાં **જયંતભાઇ** ખરેખર ઉત્કૃષ્ટ કાર્ય કરી રહ્યા છે.

**જયંતભાઇ**ના દર મહીને નવકારના ચાર અનુષ્ઠાનો તો નિયમિત હોય જ. ચેમ્બુરમાં શ્રી આદિશ્વર જિનાલયમાં, મુલુંડમાં વર્ધમાનનગરમાં, ઘાટકોપરમાં જીરાવલા પાર્શ્વનાથ દેરાસરમાં તથા પાયધુનીમાં નમિનાથ દેરાસરમાં આ નવકાર જાપ અનુષ્ઠાનો થાય છે. તદુપરાંત બીજા કાર્યક્રમો તો અલગ. નવકારના પ્રતાપે **જયંતભાઇ**ના જીવનમાં ખૂબ જ આનંદ મંગળ છે. નવકારથી સમગ્ર આભા મંડળની શુદ્ધિ થઇ જાય. નવકાર જાપ પછી માણસ પ્રફુલ્લિત થઇ જાય. નિત્ય નવકારની સાધના કરનાર સાધક દુનિયાના દુષણોથી બચી જાય. જયંતભાઇ એટલે જાણે નવકાર જાપના પર્યાય. નવકાર નામ પડે ને **જયંતભાઇ 'રાહી'** યાદ આવે અને **જયંતભાઇ**નું નામ સંભળાય અને નવકાર યાદ આવે એટલી હદે તેઓ આ પ્રવૃત્તિમાં ઇન્વોલ્વ થઇ ગયા છે. કોઇપણ ગામે વૃદ્ધોને ટીફીન પહોંચાડવાની તેમની યોજના છે. મીઠાઇ-કપડાં વિતરણ પણ તેમની કાર્યપ્રવૃત્તિ છે.

તેમની પ્રેરણાથી રચાયેલ **બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર**ના કાર્યકર્તાઓ આ કાર્યને વેગ આપે છે. **પંચ પરમેષ્ઠી મહિલા મંડળો**ની મહિલાઓ ઘેર ઘેર **નવકાર ગૃહ અનુષ્ઠાન** કરાવે છે. આ નવકાર ગૃહ અનુષ્ઠાન અને અન્ય વિધી એવા હોય છે કે જે ઘરમાં વાસ્તુ પ્રમાણે ફેરફારની સગવડ ન હોય તેમણે મૂંઝાવાની જરૂર નથી. વિધિસર નવકાર ગૃહ અનુષ્ઠાન કરાવવાથી ઘરમાં પવિત્રતા જળવાઇ રહે છે. **જયંતભાઇ**ને **'કેવળ તારું સગપણ ગીત'** ખૂબ જ ગમે છે. ગીતની પંક્તિઓ છે :

**'અંત સમયે નવકારના શરણા રહેજો,**
**પ્રભુ એટલું અમને દેજો...'**

આપણા આ **જયંત 'રાહી' 'જનશક્તિ'માં જૈનમ જયતિ શાસનમ્** વિભાગમાં લખતા હતા. **લબ્ધિકૃપા** મેગેઝીનના **માનદ્ તંત્રી** રહી ચૂક્યા છે. પરિવારનો તેમને ખૂબ જ સાથ સહકાર છે. સંતો-આચાર્યોના આશીર્વાદ છે. આપણા **આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ. સાહેબે** પણ તેમને આશીર્વાદ આપ્યા છે. જીવન આખું નવકારને તેમણે સમર્પિત કરી દીધું છે. **જયંતભાઇ**એ સંગીતની કોઇ તાલીમ નથી લીધી અને સેંકડો કાર્યક્રમો કર્યા છે. ફક્ત જૈન સ્તવનો જ ગાય છે. પરમાત્માની ભક્તિ સિવાય બીજો કોઇ તેમને હરખ શોખ નથી. **'હું માનવી માનવ થાઉં તોય ઘણું છે'** એવી વિચારધારા ધરાવતા **જયંતભાઇ 'રાહી'** કહે છે કે કુદરતે આપણને જે આપ્યું હોય એનો સદ્ઉપયોગ કરવો જોઇએ. વાસ્તુ શાસ્ત્ર કે ફેંગશુઇના ચક્કરમાં પડીને હેરાન થવું એના કરતા આપણા શાસ્ત્રોમાં અમુક વિધીઓ બતાવી છે તે પ્રમાણે તેમણે ઘણું સંશોધન કર્યું અને કરાવ્યું. એમાંથી આ નવકાર ગૃહ અનુષ્ઠાન કાર્યનો પ્રારંભ થયો. અત્યારે તેમણે એવા ૩૩ મંડળો સ્થાપ્યા છે જે ઘરે ઘરે આ અનુષ્ઠાનો કરાવે છે.

દોરા-ધાગા-માદળીયાના વિષ ચક્કરમાં પડવા કરતાં નવકારના શરણે આવવું વધારે હિતકારી છે. **'નવકાર જાપ અનુષ્ઠાન'** ના માધ્યમથી કેટલીય સમાજ હિતની પ્રવૃત્તિ કરતાં **જયંતભાઇ 'રાહી'**ના ચેમ્બુરસ્થિત નિવાસસ્થાને બે-ત્રણ કલાક તેમની મુલાકાત કરી અને ઘણું જાણવા મળ્યું. જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર કરતાં **જયંતભાઇ 'રાહી'** જેવા શ્રાવકો વધુને વધુ આગળ આવે તે જરૂરી છે.

અત્યાર સુધી અસંખ્ય કાર્યક્રમો કરી ચૂકેલા **જયંતભાઇ** હવે ઉંમરના હિસાબે મર્યાદિત કાર્યક્રમો કરે છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી નવકારને સમર્પિત રહેવાની પ્રબળ ઇચ્છા ધરાવનાર **જયંતભાઇ**ને સાંભળવા જેવા છે અને તેમના નવકાર જાપમાં જવા જેવું છે. એક અનોખી અનુભૂતિ કરાવતા આ અનુષ્ઠાનમાં એટલે તો કશાય પ્રલોભન વિના લોકો ઉમટે છે. નવકાર જાપના કારણે ઘણાયના જીવનમાં પરિવર્તન આવ્યું છે. નવકારના ચમત્કારના ઘણા દાખલાઓ **'નવકારનો રણકાર'** મેગેઝીનમાં છપાતા હોય છે. છેલ્લે નમસ્કાર મહામંત્રના સાધક-આરાધક અને સાધર્મિક ભક્તિના પ્રણેતા શ્રીમાન **જયંત 'રાહી'**નું એક ગીત આપની સમક્ષ મૂકી દઇએ...

## કેવળ તારું સગપણ

**અંત સમયે નવકારના શરણા રહેજો;**
**એટલું અમને દેજો,**
**પંચ પરમેષ્ઠીનું આરાધન ભવભવ પાર ઉતારે;**
**ભવસાગરમાં ડૂબતી નૈયા; સહેજે લાવે કિનારે,**
**મુક્તિનગરમાં સુખડા આપે; પ્રેમના ઝરણા વહેજો,**
**એટલું અમને દેજો.**
**આધિ-વ્યાધિ-ઉપાધિ હટાવી, શાશ્વત સુખડાં આપો;**
**જનમ જનમના સુખને દુઃખના સઘળાં ચક્કર કાપો;**
**જીવન મારું પ્રભુ તમ ચરણે; સદા શરણને દેજો.**
**એટલું અમને દેજો.**
**સગાં-સંબંધી આપ્તજનોના વળગ્યાં અમને વળગણ;**
**છોડાવી ધ્યો સહુ આ બંધન કેવલ હો તુમ સગપણ;**
**'રાહી'ના હમરાહી થઇને; સંગ સદાયે રહેજો.**
**એટલું અમને દેજો.**

**('સુલેહ'માંથી સાભાર)**

# શાસન પ્રભાવક સમર્થ જૈનાચાર્યો શ્રી જયંતભાઈ 'રાહી'ની સંગીત સાધના વિષે શું કહે છે ?



જૈન સંગીતરત્ન **શ્રી જયંતભાઇ 'રાહી'**એ પોતાના સંગીત સેવાના દસ વર્ષ પૂર્ણ કર્યા ત્યારે આજથી ચાલીસ વર્ષ પહેલાં જૈન ધર્મના અનેક શાસનપ્રભાવક મહાત્માઓએ **શ્રી જયંતભાઇ 'રાહી'**ને પોતાના આશીર્વચન પાઠવ્યા હતા. એ સમયે **'રાહી' સાહેબ**ની સ્તવન પુસ્તિકા **'આત્મઝંખના'**માં પ્રગટ થયેલા એ ધર્મધુરંધર વિભુતિઓના મંતવ્યો આજે અહીં પ્રસ્તુત કરતાં અત્યંત આનંદ થાય છે. **– તંત્રી**

- સુપ્રસિદ્ધ જૈન સંગીતરત્ન શ્રી 'રાહી' જૈન સમાજના એક શ્રેષ્ઠ સંગીતકાર છે.

**–આચાર્ય શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા.**

- અનેક અવસરે અમે આપને સાંભળ્યા છે. સુંદર કલા દ્વારા હજારો ભાઇ-બહેનો એકતાનમાં આવી ભક્તિરંગમાં રંગાઇ જાય છે.

**– આચાર્યશ્રી ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા.**

- આપશ્રીએ સુંદર અને ભાવવાહી સ્તવનો રચી અબાલવૃદ્ધ સૌને ભક્તિરસમાં તરબોળ બનાવવા જે પ્રયત્નો કર્યા છે અને કરી રહ્યા છો તે ખરેખર ખૂબ ખૂબ અનુમોદનીય છે.

**– આચાર્યશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

- આપનું ભાવભર્યું સુમધુર સંગીત વિસરી શકાય તેમ નથી.

**– આચાર્યશ્રી જંબુસૂરીશ્વરજી મ.સા.**

- આપના ભક્તિગીતો સુંદર અને ભાવવાહી છે.

**– આચાર્યશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

- आपके प्रति मुझे बहुत ही स्नेह है, आपकी सदा सर्वदा प्रगति हो यह शुभेच्छा।

**– आचार्यश्री हिमाचलसूरीश्वरजी म.सा.**

- अलौकिक स्वर साधना, कर मानव तुं आराधना ।
  'राही' की रचना सुंदर, स्पर्श करती है अंतर ।।

**– आचार्यश्री विद्याचन्द्रसूरीश्वरजी म.सा.**

- संगीतकार तो बहोत सुने लेकिन **श्री 'राही'** जैसी नवीनता और ताजगी कम मे देखी है।

**– आचार्य श्री जिनेन्द्रसूरीश्वरजी म.सा.**

- હૃદયના ઉંડાણમાંથી જે સર્જન થાય છે તે ખરેખર તન-મનને ડોલાવી મૂકે છે. શ્રી 'રાહી'નો પ્રયત્ન પ્રશસ્ય ગીત-સ્તવન આદિ પ્રભુ ભક્તિની સાધનામાં એક અનુપમ સાધન છે.

**– આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

- સંગીત, ભક્તિમાં તન્મયતા લાવે છે અને એ તન્મયતાથી ભક્તિનું વાસ્તવિક ફળ પ્રાપ્ત થાય છે. રાહીજી તમારો સુંદર પ્રયાસ સ્વ-પર ઉભયના શ્રેયમાં ઉપકારક બનો એ જ સદ્ભાવના.

**– આચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

- થોડા સમયમાં આપશ્રી જૈન સમાજના એક અતિપ્રિય અને સમર્થ સંગીતકાર બની શક્યા એ જિન ભક્તિનો જ પ્રતાપ છે.

**– આચાર્યશ્રી પ્રસન્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

- તમારું એક એક ગીત સુતેલા આત્માને જાગૃત કરનારું છે. દુનિયાને ભૂલાવી પરમાત્મમય બનાવતા તમારા ગીતોની રચના બેહદ સુંદર છે.

**– આચાર્યશ્રી ભુવનસુંદરસૂરીશ્વરજી મ.સા.**

- તમે પ્રભુ ભક્તિથી પ્રેરાઇને હૃદયના ભાવોને શબ્દો દ્વારા ઠાલવવા જે પ્રયત્ન કરો છો તે બદલ ખૂબ આનંદ થાય છે.

**– આચાર્યશ્રી કનકચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

- રાહીજી જ્યારે મધુર કંઠે ગીતની લય છેડે છે ત્યારે અબાલવૃદ્ધ સૌ સાંભળવામાં લયલીન બની ભક્તિમાં એકરૂપ થઇ જાય છે. ભક્તિ સંગીતમાં આ તેમની આગવી કલા છે.

**– આચાર્ય શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.**

- તમારામાં જે ઉત્સાહ છે, ભાવનાની થનગનતી ઉર્મિઓ છે તેમજ વિતરાગ પ્રભુ પ્રત્યે શ્રદ્ધા છે એ જ સદૈવ કલ્યાણકારી બનશે તેમજ આજની નવી પેઢીને પણ ભક્તિરસમાં જોડનારી બનશે.

**– આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મ.સા.**

- શ્રીયુત 'રાહી'ને કોણ નથી ઓળખતું? સૂરીલો કંઠ, હસતું મુખ અને ભાવભર્યા ગીતો અને એમાંથી સર્જાતું દિવ્ય વાતાવરણ.

**– આચાર્યશ્રી પ્રિયંકરસૂરીશ્વરજી મ.સા.**

- આપના ભાવભર્યા ગીતો પ્રસન્નતા ઉત્પન્ન કરે તેવા છે. આપના સત્ પુરુષાર્થની ભૂરી ભૂરી અનુમોદના.

**– આચાર્યશ્રી પદ્મસૂરીશ્વરજી મ.સા.**

- આપના ભક્તિગીતોમાં વ્યક્ત થતાં ભાવો ખૂબ જ સુંદર છે. આપ જૈન સંગીતક્ષેત્રે વધુને વધુ લોકપ્રિયતા પામો એજ શુભકામના.

**– આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ.સા.**

- આપના ગીતોમાં એવા તન્મય ચિત્તથી સુંદર ભાવો ભર્યા છે કે ભાવના ભાવતા માનવ ખૂબ જ ભાવવૃદ્ધિમાં વિહરશે.

**– આચાર્યશ્રી કુમુદચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

- આપની કૃતિમાં શબ્દાલંકારની ઝલક જોવા મળે છે. ભક્તજનો ભક્તિરસથી છલકાતા સંગીતના સ્ત્રોતમાં પ્રવાહિત થઇ ઉત્તરોત્તર પ્રભુમય બને છે.

**– આચાર્યશ્રી ભુવનશેખરસૂરીશ્વરજી મ.સા.**

- પહેલા પરિચયમાં જ તમે દિલ જીતી ગયા છો, સહુને યાદ રહી ગયા છો. સભા જમાવવાની અને ઉપજ પણ સારી થાય એ માટેની તમારી આવડત અતિ સુંદર છે.

**– આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

- તમારા ભક્ત કવિ હૃદયમાંથી ઉઠતું ભક્તિનું સંગીત જનમનને ભક્તિઘેલા બનાવી દે તેવું છે.

**- આચાર્યશ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ.સા.**

- તમારામાં ભક્તિ તો છે જ, સાથે પરમાત્માની પ્રીતિ રૂપ નિર્મલતા પણ છે.

**- આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.સા.**

- સંગીતકલા દ્વારા અનેકોને 'રાહી' હમરાહી બનાવે એ જ શુભ કામના.

**- આચાર્યશ્રી સુશીલસૂરીશ્વરજી મ.સા.**

- તમારા હૃદયકુંજમાં ઉંડે ઉંડે પ્રભુ ભક્તિના નિર્મળ ભાવો પ્રગટે છે. તમારા ભાવવાહી ભક્તિગીતો લોકોને ડોલાવે છે.

**- આચાર્યશ્રી ભાનુચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

- તમારો શાસન પ્રત્યેનો પ્રેમ અને પ્રભુ પ્રત્યેનો અવિહડ રાગ તમારા સ્તવનો, ભક્તિગીતો વાચતા અમે પ્રત્યક્ષ અનુભવીએ છીએ.

**- આચાર્યશ્રી રમણીકચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

- આજનો યુવાન જ્યારે ધર્મવિમુખ થઇ રહ્યો છે ત્યારે આપના ભાવવાહી ભક્તિગીતો યુવાવર્ગને આકર્ષી ધર્માભિમુખ બનાવશે એવી શ્રદ્ધા છે.

**- પંડિતરત્ન છોટાલાલજી સ્વામી**

- રાહીજીના ગીતના પદે પદમાં પરમાત્માની પહેચાન થાય છે, શબ્દે શબ્દ સિદ્ધોના સ્વરૂપની ઝાંખી થાય છે એ રચયિતાનો આત્મા કેટલો ભવ્ય અને ભાવશીલ હશે. ગુણીજનોના ગુણ તો જેટલા લખાય તેટલા ઓછા છે.

**- મહાસતીજી હીરાબાઇ સ્વામી**

- આપની રચનામાં અનુપ્રાસ સાથે શબ્દોમાં આવેલી ઝલક ખરેખર સુતેલા આત્માને જાગૃત કરે તેવી ઉત્કૃષ્ટ છે.

**- પ્રર્વતીની સાધ્વીશ્રી ખાંતિશ્રીજી મ.સા.**

- આપના ગીતોમાં પ્રભુ ભક્તિનું સંગીત ઉછળી રહ્યું છે. વાચતા જ આનંદ ઉભરાય તો સાંભળતા ભક્તિના પુર કેવા ઉછળતા હશે?

**- સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. (સુતેજ)**

## સંગીત સમ્રાટ 'રાહી'જીને હાર્દિક અભિનંદન

સ્વરની સાધના સરસ્વતીની કૃપા વિના શક્ય નથી. અને સરસ્વતીની કૃપા એ પાત્રતા વગર મળતી નથી. સુશ્રાવક **શ્રી જયંતભાઇ 'રાહી'**ની સંગીત યાત્રાની શરૂઆતથી શિખર સુધીનાં અનુભવોનો નીચોડ એટલે **'નવકાર ભાષ્ય જાપ અનુષ્ઠાન'**. સ્વરચિત અનેક ગીતો, સૂરીલો કંઠ અને પ્રભાવક પકકડના માધ્યમે પ્રભુભક્તિ, અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવો જેવા વિવિધ પ્રસંગોને જેમણે રંગત આપી છે.. નવી સંગત આપી છે. ખળખળ અવિરત વહેતી ગંગાની ધારાની જેમ જયંતભાઇની પણ આ સ્વરસાધના અસ્ખલિત રૂપથી સફળતાપૂર્વક આગેકૂચ કરીને લોકોનાં તન-મન-જીવનમાં પ્રભુ અને પ્રભુશાસનની નિષ્ઠાને સ્થાપિત કરી રહી છે જેની હાર્દિક અનુમોદના છે. સંગીતનાં ક્ષેત્રે જયંતભાઇ નથી ક્યારેય **'ટાયર્ડ'** થયાં કે નથી ક્યારેય **'રીટાયર્ડ'** થયા. બસ, એમની અધ્યાત્મ યાત્રા ભાવ જગતની ક્ષિતિજોને સર કરે, દ્રવ્ય-ભાવ આરોગ્યનાં સથવારે આગેકૂચ કરે એજ શુભ આશીર્વાદ.

**- મુનિ સર્વોદયસાગરના ધર્મલાભ**

## વર્તમાન સમયના જૈનાચાર્યોના શ્રી 'રાહી' સાહેબને મળેલ શુભેચ્છા સંદેશ

જૈન સંગીતક્ષેત્રે ૫૦ વર્ષ પૂર્ણ કરનાર શ્રી રાહીજીને અમારી શુભકામના. નમસ્કાર મહામંત્ર આરાધક **શ્રીયુત જયંતભાઇ 'રાહી'** વર્ષો જૂના લબ્ધિ સમુદાયથી પરિચિત છે. અમારા અધ્યાત્મ યોગી **પૂજ્ય જયંતસૂરીશ્વરજી મ.સા.** જયંતભાઇના પ્રેરણાદાતા હતા. સંગીતક્ષેત્રે.. સ્તવનો.. અંજનશલાકાઓ ને કથાગીતોથી એમણે જૈન જૈનેતર પ્રજાને ડોલાવી બોલાવીને અંતરમાં પ્રભુના ભાવો રમાડી દીધા. તો નવકારમંત્રના ભાષ્ય જાપ દ્વારા સમગ્ર મુંબઇમાં એક શાશ્વત મંત્રની અહાલેક જગાવી. લબ્ધિ વિક્રમ પટ્ટરત્ન શ્રદ્ધેય **આ.ભ. શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા.**ની પાવન નિશ્રામાં નવકાર ભાષ્ય જાપ એમણે કરાવ્યા ત્યારથી દર પુષ્ય નક્ષત્રમાં પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં આ આરાધના અખંડપણે ચાલી રહી છે.

સુકૃત ક્ષેત્રે પણ એમણે તથા એમના ધર્મપત્નીએ ઘણા ઘણા સુકૃતો કર્યા. ૨૪ થી વધુ ભગવાન ભરાવવાનો લાભ મળ્યો. આત્મિકક્ષેત્રે એમણે વર્ષોથી સજોડે બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચર્યું છે. આજે જૈન સંગીતક્ષેત્રે ૫૦/૫૦ વર્ષ પરિપૂર્ણ કરતા એમને અમારા ચારે ચાર આચાર્ય ભગવંતોના અંતરના આશીર્વાદ છે. હજી પણ ઘણા ઘણા શાસનના કાર્યો અને નવકાર મહામંત્રની ઉત્કૃષ્ટ આરાધના દ્વારા એમને આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય. યશ આરોગ્ય, ઐશ્વર્ય તો આ લોકની પ્રાપ્તિ છે. એ તો પ્રાપ્ત થાય છે પણ શાંતિ-મૈત્રી-શ્રદ્ધા-સદ્ગુણો વગેરે પારલૌકિક પ્રાપ્તિ પણ એમને પ્રાપ્ત થાય એજ શુભાભિલાષા.

**- આચાર્યશ્રી યશોવર્મસૂરિ મ.સા. • આચાર્યશ્રી પદ્મયશસૂરિ મ.સા., -આચાર્યશ્રી વીરયશસૂરિ મ.સા. • આચાર્યશ્રી અજિતયશસૂરિ મ.સા.**

• • • • • •

નિરુત્સાહીને ભાવાવેશમાં લાવવાનું ઉત્તમ કામ તમે ભક્તિસંગીત દ્વારા કરી રહ્યા છો. 'નવકારનો રણકાર' ખરેખર મુંબઇમાં સુચારુ રીતે ગુંજતો કર્યો છે. જયંતભાઇએ **પૂ. ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.** તથા **પૂ. અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.**ની નિશ્રામાં અનેક અંજનશલાકાઓમાં સંગીત ભક્તિ કરી છે. ઉછામણી બોલવાની તમારી ઉત્સાહપ્રેરક પદ્ધતિ હજુય યાદ છે. સંસાર વધારનારું સંગીત પીરસનારા અનેક માધ્યમો છે. એવા સમયે પરમની ભક્તિ કાજે પોતાની શક્તિનો ઉપયોગ તમે સુંદર રીતે કર્યો છે. છેલ્લાં વર્ષોમાં નવકારની આરાધનામાં સુંદર રીતે શ્રી સંઘને જોડ્યો છે. **'નવકારનો રણકાર'** મેગેઝીનના માધ્યમે પણ નવકારના પ્રભાવનો સુંદર ફેલાવો થઇ રહ્યો છે. આ મહેનત કરનાર તંત્રી **ચીમનભાઇ કલાધર**ને પણ ધન્યવાદ છે. બિલકુલ નિરાભિમાની રહીને ભગવાનના મૂળમાર્ગને વફાદાર રહીને વધુ ને વધુ આરાધના કરો એવા શુભાશિષ.

**- આચાર્યશ્રી સોમચંદ્રસૂરીશ્વરજી મ.સા. વતી શ્રમણચંદ્રસૂરિજી મ.સા.**



# આપણા સુપ્રસિદ્ધ સાહિત્યકારો શ્રી જયંતભાઈ 'રાહી'ની સંગીત સાધના વિષે શું કહે છે ?

જૈન સંગીતરત્ન **શ્રી જયંતભાઈ 'રાહી'**એ પોતાના સંગીત સેવાના **દસ વર્ષ** પૂર્ણ કર્યા ત્યારે આજથી ચાલીસ વર્ષ પહેલાં અનેક કવિ, લેખક, સાહિત્યકારોએ તેમને આશીર્વચનો પાઠવ્યા હતા. એ સમયે **શ્રી 'રાહી' સાહેબ**ની સ્તવન પુસ્તિકા **'પ્રગટ્યો પ્રેમ પ્રકાશ'**માં પ્રગટ થયેલા એ સુપ્રસિદ્ધ સાહિત્ય સર્જકોના મંતવ્યો આજે અહીં પ્રસ્તુત કરતાં અત્યંત આનંદ થાય છે. – તંત્રી

- જૈન ધર્મ અને સંસ્કૃતિના વિવિધ ભાવો પ્રગટ કરતા નવીન તર્જોમાં રચાયેલા સ્તવનો જૈન જનતાના હૃદયમાં ભક્તિભાવની ખૂબ જ વૃદ્ધિ કરશે એમ માનું છું. સંગીતકલાનો આપશ્રી ઉત્તરોત્તર વિકાસ કરી રહ્યા છો તે માટે મારા હાર્દિક અભિનંદન સ્વીકારશો.

**– ધીરજલાલ ટોકરશી શાહ (મુંબઈ) (જૈન સાહિત્યકાર)**

- તમારા ગીતો જોઈને એમ થાય છે કે આ કોઈ ભગવાન માટે તલસતો જીવ છે. **'મોંઘુ મિલન'** જેવા ગીત પણ કેટલાક વાચકના દિલને સ્પર્શી જાય એવા છે.

**– પન્નાલાલ પટેલ (અમદાવાદ) (ગુજરાતી નવલકથાકાર)**

- ગીતોમાં તમારી શ્રદ્ધા અને ભાવના દેખાઈ આવે છે. તમને ઉત્તરોત્તર સફળતા મળી રહે એવી શુભેચ્છા.

**– દીનકર જોશી (કાંદીવલી) (ગુજરાતી સાહિત્યકાર)**

- આપના સાહિત્ય સર્જન પાછળ ધાર્મિક ભાવના રહેલી છે. જેની આપણા આધુનિક યુગને ખૂબ જરૂર છે. આપ એ રીતે ઉત્તમ સેવા બજાવી રહ્યા છો.

**– તારક મહેતા (મુંબઈ) (ગુજરાતી હાસ્ય લેખક)**

- તમારી રચનાઓની સફળતા નિશ્ચિત છે. મારા ખ્યાલ મુજબ તમારો આશય પણ એ જ છે કે એ ઘરે ઘરે ગવાય અને તમારી ધારણા ખરી પડે તો નવાઈ નહિ.

**– આબિદ સુરતી (મુંબઈ) (ગુજરાતી સાહિત્યકાર)**

- સ્તવનો ગમી જાય એવા અને કંઠસ્થ થઈ જાય એવા છે. તે સારો પ્રચાર પામે એવી શુભેચ્છા.

**– વિજયગુપ્ત મૌર્ય (અંધેરી) (ઈતિહાસ લેખક)**

- આપની કવિત્વ શક્તિ, સ્વરજ્ઞાન અને સૌથી વિશેષ તો આપની ઉંડી ધર્મભાવના પંક્તિએ પંક્તિએ પ્રગટ થઈ છે.

**– ભગવતીકુમાર શર્મા (સુરત) (વરિષ્ઠ પત્રકાર અને લેખક)**

- તમને તો સૂરીશ્વરોના આશિષ મળ્યા છે. એ આશિષ ફળો અને પંથે ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહો એ જ ઈશ્વરને પ્રાર્થના.

**– અમૃત ઘાયલ (રાજકોટ) (જાણીતા ગુજરાતી ગઝલકાર)**

- આશીર્વાદ ઈશ્વરના, પ્રેરણા પ્રકૃતિની અને પ્રાર્થના જ માત્ર મારી કે સર્જનહાર તમને સુંદર અને સરસ કાવ્યો સર્જવાની શક્તિ આપો.

**– બરકત વીરાણી – 'બેફામ' (મુંબઈ)**
**(ખ્યાતનામ શાયર અને ગઝલકાર)**

- તમારામાં કલાની દૃષ્ટિ ઘણી જણાય છે. સર્જનશક્તિ તમે પ્રભુ ભક્તિમાં ખર્ચો છો એ પણ પ્રશંસનીય છે.

**– કાંતિ ભટ્ટ (કાંદીવલી)**
**(જાણીતા કટાર લેખક)**

- શ્રી 'રાહી'ના કંઠ, સ્વર, સંગીત અને કાવ્ય કૃતિઓ સુંદર, પ્રશંસનીય અને લોકોને મંત્રમુગ્ધ કરનારી છે.

**– ડૉ. ભાઈલાલ એમ. બાવીશી (પાલિતાણા)**
**(જાણીતા જૈન સાહિત્યકાર)**

- ગીત ગંગાના પુનિત પાણીના પ્રવાહમાં સ્નાન કરતાં અનેરો આનંદ અનુભવ્યો. આપના ભક્તિભાવ માટે અનેક ધન્યવાદ.

**– દુલેરાય કારાણી (સોનગઢ) (કચ્છી સાહિત્યકાર)**

- સ્વપ્ન પાઠકનું ગીત તથા દીક્ષા વખતનું ગીત ખૂબ જ તાત્વીક અને ઉંડા ભાવોવાળું છે. કુદરતે તમને શીઘ્ર કવિત્વ શક્તિ આપી છે તેને આવા ઉદાત્ત કાર્યમાં વાપરી મહાન લાભ મેળવ્યા છે.

**– બાબુભાઈ કડીવાલા (નવસારી)**
**(સુપ્રસિદ્ધ જૈન વિધિકાર)**

- તમારા મિલનસાર સ્વભાવ અને ભાવવાહી ગીતોથી જનતાને ખૂબ આકર્ષણ થાય છે. જેના પરિણામે પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ધાર્યા કરતાં વિશિષ્ટ પ્રકારની બોલીઓ થાય છે.

**– છબીલદાસ કેસરીચંદ સંઘવી (ખંભાત)**
**(સંસ્કૃત-પ્રાકૃત ભાષાના પ્રખર પંડીત)**

- શ્રીયુત 'રાહી' ભારતભરમાં જૈન સંગીતક્ષેત્રે અજોડ પુરવાર થયા છે. તેમને અમારા શત શત અભિનંદન.

**– સોમચંદ ડી. શાહ (પાલિતાણા)**
**સંપાદક : 'સુઘોષા' (માસિક)**

- દૂર દૂરથી આવેલા શ્રી 'રાહી'ના પ્રશંસકોને જોતા જ થાય છે કે લોકપ્રિયતા તે આનું નામ! ભક્તિ સંગીતની શક્તિ કેવી છે એનો તાદૃશ્ય પૂરાવો નિહાળવા મળ્યો.

**– લક્ષ્મણદાસ ઓસવાલ (મુંબઈ)**
**તંત્રી : 'સેવા સમાજ' (સાપ્તાહિક)**

- આપની પ્રવૃત્તિ જોઈ અતિ આનંદ. આપનું સમગ્ર જીવન આનંદમય બને, જીવનની સર્વ સિદ્ધિઓ આપ પામો એવી આ તકે શુભેચ્છા છે.

**– ગજાનન ઠાકુર (અમદાવાદ) (જૈન સંગીતકાર)**



# જૈન સંગીતક્ષેત્રે 'રાહી'નું સ્થાન અજોડ છે !

## સાધ્વીશ્રી મયણાશ્રીજી મ.સા. (સૂર્યશિશુ)

આજથી ચાર દાયકા પહેલા **વિદુષી સાધ્વી શ્રી મયણાશ્રીજી મ.સા. (સૂર્યશિશુ)**નું નામ જૈન સાહિત્યક્ષેત્રે સતત ગુંજતું રહ્યું હતું. જૈન સંગીતકાર તરીકે **શ્રી 'રાહી' સાહેબ**ને તેમણે પ્રથમવાર સાંભળ્યા અને પછી જ્યાં જ્યાં અવસર મળ્યો ત્યાં ત્યાં **'રાહી' સાહેબ**ને સાંભળવાનું તેઓ ચૂક્યા નહિ. જૈન સંગીતકાર તરીકે **'રાહી' સાહેબ**ની શક્તિ તેમણે ઓળખી અને એથી જ તેમણે આજથી ચાલીસ વર્ષ પહેલાં **શ્રી 'રાહી' સાહેબ** માટે જે લખાણ લખ્યું તે અમે અહીં સુજ્ઞ વાચકો માટે પ્રસ્તુત કરતાં આનંદ સાથે ગૌરવ અનુભવીએ છીએ. - **તંત્રી**

**શ્રી 'રાહી'**ના ભક્તિગીતોના શબ્દો એટલા સરળ અને ભાવવાહી હોય છે કે એકવાર સાંભળ્યા બાદ હૈયામાંથી તેનું ગુંજન વિલન થતું નથી. ગાયા જ કરવાનું મન થાય છે. ફક્ત ફિલ્મ તર્જો પર નહિં કીન્તુ શાસ્ત્રીય અને સુગમ સંગીત પર પણ **શ્રી 'રાહી'**એ સેંકડો ગીતો લખ્યા છે જેમાંના ઘણા ગીતો ખૂબ જ લોકપ્રિયતાને પામ્યા છે. જૈન સંગીતકારોમાં **'કથાકારો'** ગણ્યાગાંઠ્યા છે. જેમાં **શ્રી 'રાહી'**નું સ્થાન અજોડ છે. એક સરખી રસપ્રવાહિતા વહાવી શ્રોતાઓને કલાકો સુધી ઝકડી રાખવા એ નાનું સુનું કાર્ય નથી અને ત્યારે તો **'કથાવારિધી'**નું બિરૂદ પામ્યા છે ને?

**શ્રી જયંતકુમાર 'રાહી'**ના કથાગીતો વાંચ્યા તો હતા પણ તેઓના જ મુખે સાંભળવાનો અવસર તો ઓરિસ્સાના કટક શહેરમાં **પૂ. સાધ્વીશ્રી 'સૂર્યશિશુ' મ.સા.**ના છઠ્ઠના પારણે છઠ્ઠ તપથી કરતાં મહાન તપ વર્ષીતપની પૂર્ણતામાં કળશરૂપે નવ ઉપવાસ અને તે પ્રસંગે ઉદ્યાપન સહ અષ્ટાન્હિકા મહોત્સવ પ્રસંગે તેઓને આમંત્ર્યા ત્યારે જ સાંપડ્યો અને પછી તો **મદ્રાસ-મુંબઇ** વગેરે સ્થળોએ સાંભળ્યા. **શ્રી 'રાહી'**ને જ્યારે જ્યારે સાંભળો ત્યારે નવા જ રૂપે, નવા જ સ્વાંગે અને નવી જ પ્રભાએ ઝળકતા જોવા મળશે! એ એક એમની ખૂબી છે. ભક્તિના પ્રસંગે **'રાહી'**ના અંતરમાં રહેલી ભક્તિ અને ભાવનાના દર્શન તેઓના મુખારવિંદ પર તરી આવે છે. **શ્રી 'રાહી'**માં ગાવાની અને શબ્દોની જમાવટ કરવાની એટલી હદે તાકાત છે કે સાંભળનારના હૈયાને ભક્તિમાં લોહચુંબકની જેમ ખેંચી શકે છે!

**શ્રી 'રાહી'** તો એક આજના ઉગતા સૂર્યકિરણ જેવા નવજવાન સંગીતકાર છે, ભક્તિકાર છે. એમની કાયામાં કવિતાની દેન છે, એમની વાણીમાં શબ્દો અને સૂરના સ્વસ્તિક છે, એની અદામાં સદૈવ વિભક્ત ભક્તિની મુક્તિનો એકરાર છે, એમની ભક્તિની સાધનાના ફળ સ્વરૂપે તેઓ આજે આગળ વધી રહ્યા છે ત્યારે એમની કવિતાની કડીઓ સંસ્મરણમાં આવી ટપકી પડે છે : **'દિવાળી તણા દિન આવે છે, મને તારી યાદ સતાવે છે.'** આ છે દિવાળીના દિવસોમાં આવતી પ્રભુ શ્રી મહાવીરની યાદ. રચયિતા 'રાહી'ને કેટલી યાદ આવતી હશે? યાદ આવતાં જ વિયોગરૂપે, વેદનારૂપે યાદગાર પંક્તિઓમાં ગોઠવી તેઓ લલકારે છે ત્યારે **'રાહી'**ને પ્રભુ નહિ, પ્રભુનું શાસન મળ્યું, માર્ગ મળ્યો તો હવે ભક્તિ દ્વારા પ્રભુને મેળવવા ભક્તિમાં જ ઓતપ્રોત બને તે ઇચ્છવાજોગ નથી?

**શ્રી 'રાહી'**ની બીજી સુંદર પંક્તિઓ છે : **'થોભી જાને કાળ હજુ ગીત મારે ગાવા છે; વેર જ્યાં ભર્યા છે, ત્યાં પ્રેમ-નીર પાવા છે!'**

કાળને પણ થોભી જવાનું કહેતા કવિ કહે છે કે આ સંસારમાં જ્યાં વેરઝેર છે ત્યાં પ્રેમના પાણી પાવાં છે, પ્રેમમય વિશ્વનો કવિનો કેટલો સુંદર વિચાર છે. **શ્રી 'રાહી'** પરમાત્માના સાધક તરીકે ઉપસ્યા છે. જેના પરિણામે આજ પોતે સંગીતકાર-ગીતકારની પંક્તિના શિખર ટોચે રહ્યા છે. સંગીતકાર-ગીતકાર વર્તુળોમાં એવી અદ્‌ભૂત ચર્ચા છે કે **'રાહી'** ભક્તિક્ષેત્રે જામતા જાય છે, અને ભક્તિ દ્વારા તેમના જીવનની કારકીર્દિ પણ કુસુમ જેમ સર્વત્ર ફેલાઇ રહી છે. અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજે સ્પષ્ટ આલેખ્યું છે કે-

**ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ.'** પૂજનનું સાચુ ફળ ચિત્તની પ્રસન્નતાપૂર્વકની ભક્તિ છે. **શ્રી 'રાહી'** પોતાના કંઠ દ્વારા-કવિતા દ્વારા પરમાત્માની ભક્તિ વધુ ને વધુ કરે અને પ્રભુ ભક્તિ દ્વારા ભવજલ તરે અને અન્યને પણ તારવા શક્તિમાન બને, જૈન સંઘોને ભક્તિના લાભકારી બનાવે અને એ રીતે સ્વ-પર કલ્યાણને સાધે એ જ અભ્યર્થના.

શુભેચ્છક

**શ્રી નમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ**

વિજયવલ્લભ ચોક, પાયધુની, મુંબઇ-૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૩ ૨૭૫૫

# શ્રી જયંતભાઈ 'રાહી'ના જૈન સંગીતક્ષેત્રના સુવર્ણ મહોત્સવ પ્રસંગે શાનદાર સંગીત ઉત્સવ



જૈન જગતના સુપ્રસિદ્ધ સંગીતકાર અને નવકાર મંત્રના પરમ સાધક **શ્રી જયંતભાઈ 'રાહી'**એ પોતાની સંગીત યાત્રાના **૫૦ વર્ષ** પૂર્ણ કર્યા હોય તેમની **જૈન સંગીત ક્ષેત્રની સુવર્ણ જયંતી** ઉજવવા એક **શાનદાર સંગીત મહોત્સવ**નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અનેક રીતે વિરલ અને વિશિષ્ટ એવા આ કાર્યક્રમની ઝલક નીચે મુજબ છે.

**શુભ દિન :** રવિવાર તા. ૨૮-૦૭-૨૦૧૩, **સમય :** બપોરના ૩.૩૦ થી રાત્રીના ૯.૩૦

**શુભસ્થળ :** હાલારી વીસા ઓસવાલ જૈન વાડી, દાદા સાહેબ ફાળકે રોડ, રણજીત સ્ટુડીઓ સામે, દાદર (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૧૪.

**કાર્યક્રમ :** બપોરના ૩.૩૦ થી ૫.૦૦ ચાહ-ટી, અલ્પાહાર. સાંજના ૫.૦૦ પૂ. 'રાહી' સાહેબનું આગમન-ભવ્ય સ્વાગત.

સાંજના ૫.૧૫ દીપ પ્રાગટ્ય વિધિ અને મંગલાચરણ. સાંજના ૫.૩૦ થી ૭.૩૦ જૈન જગતના સુપ્રસિદ્ધ ગાયકો અને સંગીતકારો દ્વારા તેમના અદ્‌ભૂત ગીત-સંગીતની રજૂઆત. સાંજના ૭.૩૦ કલાકે ઉપસ્થિત ખ્યાતનામ ગાયકો-સંગીતકારોનું અભિવાદન. પૂ. 'રાહી' સાહેબની ૫૦ વર્ષની યશસ્વી સંગીત યાત્રાની અનુમોદના. પૂ. 'રાહી' સાહેબની જીવન ઝરમરની રજૂઆત અને તેમના ૭૨મા જન્મ દિનની વધામણી. પૂ. 'રાહી' સાહેબના પ્રિય કાર્ય સાધર્મિક ઉત્કર્ષ અભિયાનની અનુમોદના. રાત્રીના ૮.૧૫ પૂ. 'રાહી' સાહેબ દ્વારા સુંદર, ભાવવાહી કથાગીતો-ભક્તિગીતોની રસલ્હાણી. રાત્રીના ૯.૩૦ આભાર દર્શન અને કાર્યક્રમની સાનંદ પુર્ણાહૂતિ. **આ કાર્યક્રમમાં આમંત્રિતોને સમયસર પધારવા વિનંતી.**

**માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર**

મુદ્રક અને પ્રકાશક : બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર, ૩૦૧, શ્રેશ હાઉસ, ત્રીજે માળે, ૭૫, સેકન્ડ લેન, હિન્દુ કોલોની, ભગિની સમાજ સામે, દાદર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : (૦૨૨) ૬૫૨૫૭૮૩૯/૩૨૧૬૪૨૪૩

મુદ્રણસ્થાન : રાજુલ આર્ટસ, ઘાટકોપર (ઇ), મુંબઈ-૪૦૦૦૭૭. ફોનઃ ૯૭૬૯૭૯૧૯૯૦, ૯૮૬૯૩૯૦૨૮૫. E-mail: rajul.arts@yahoo.com